# અધ્યાત્મ



વર્ષ : ૧૨ ડિસેમ્બર–૧૯૯૦ અંક : ૩

# સાચું સંતપણું

સંતપણાની યોગ્યતા કાંઈ બજારમાં વેચાતી નથી કે પૈસા આપીને ખરીદી લાવીએ. તેમ તે વેરાન જંગલમાં અથવા પહાડ પર્વતો ઉપર અથવા ગિરિકંદરાઓમાં સંગ્રહી મૂકી નથી કે ત્યાંથી ખોળી લાવીએ. દ્રવ્યના ઢગલે ઢગલા હોય પણ સંતપણું મળી શકતું નથી. આકાશમાં કે પાતાળમાં કોઇ પણ જગ્યાએ શોધ કરતાં મળે એમ છેજ નહિ.

તુકારામ કહે છે કે જે પોતાનો જીવ અર્થાત્ જીવભાવ ઈશ્વરને) અર્પણ કરી દે તેને જ તે મળે છે. આથી તમારી પોતાની સ્થિતિ ન થાય ત્યાં સુધી તમે સંતપણાને વિષે મોઢા મોઢાની વાત કરવાનું છોડી દેજો. આકાશમાં કે પાતાળમાં કોઈપણ જગ્યાએ શોધ કરતાં મળે એમ છે જ નહિ.

મેં મારો દેહભાવ વિઠ્ઠલના ચરણો આગળ મૂકી દીધો ત્યારથી મને તો નિરાંત થઈ ગઈ છે. હવે તો જેમાં મારું હિત હોય તેનો દેવ પોતે જ વિચાર કરી લેશે; અને તેને સારું જે કાંઈ કરવું યોગ્ય હશે તે પોતે જ કરી લેશે. જેનાં ચિહ્ન મેં મારા શરીર ઉપર ધારણ કર્યા છે તે મારું હિત શામાં છે તે સારી રીતે જાણે છે.

– સંત તુકારામ


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન **૨૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| પ્રભુજી! | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૧ |
| વડોદરામાં રામાયણની આધ્યાત્મિક રસલહાણ | એક પારાયણી | ૧૨ |
| સંતોની સાધના | અજીત પાઠક (કેનેડા) | ૧૮ |
| મારા ગુરુદેવ (૫) | નારાયણ હ. જાની | ૨૫ |
| શ્રી શારદાબેન | શારદાબેન અને રમેશભાઈ | ૩૪ |
| પૂ. મા શ્રી સર્વેશ્વરીનો ૪૭ મો જન્મોત્સવ | તંત્રી | ૩૫ |
| ભગવાન શ્રીકૃષ્ણ યોગેશ્વર શા માટે? | શ્રી જનાર્દન દવે | ૪૧ |
| સદ્‌ભાવભરી સહાય | — | ૪૮ |
| તમારી જાશે લાજ | ઈશ્વરભાઈ ભક્ત (પરમાર્થી) | ૫૩ |
| શુભેચ્છા સંદેશા | — | ૫૪ |
| ભક્ત–વાત્સલ્યમૂર્તિ શ્રી શ્રી મા શારદા | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૬૦ |
| પ્રાકટ્યદિને અમારી અભીપ્સા અને અભ્યર્થના | રતિલાલ ભાવસાર | ૬૪ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૨ ડિસેમ્બર–૧૯૯૦ અંક : ૩

## શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

**તા. ૨૭–૧૦–૯૦ સોમવાર, સ્થળ : અરુણોદય સોસાયટી, ૫૫/૧, અલકાપુરી, વડોદરા.**

નિત્યક્રમ પ્રમાણે પૂ. શ્રીએ આરામબાદ ૧૧॥ થી ૧૨। સુધી મુલાકાત આપી. આજે મુલાકાતમાં યાત્રાની, ખીચડીની, કપડાં ધોવાની રીતો વિવિધ મુદ્દાઓ પર રસભરી વાતો કરી. ભક્તોને ખૂબ ખૂબ હસાવ્યા.

બપોરે સર્વેશ્વરીએ થોડી યાત્રાની તૈયારી કરી. સાંજે છ વાગ્યે સત્સંગ શરૂ થયો. પૂ. શ્રીની સૂચના મુજબ ગીતાનો પંદરમો અધ્યાય–સંસ્કૃતમાં, ૧૨ મો અધ્યાય–ગુજરાતીમાં, ભજન, ધૂન, સ્તુતિ વગેરે થયાં. પછી પૂ. શ્રીનો નાનકડો વાર્તાલાપ શરૂ થયો.

જન્મ્યું તે તો જરૂર જવાનું,
ઊગરવાનો નથી આરો;
દેવ દાનવ રાક્ષસ ગંધર્વ,
સૌને મરણનો વારો.

જન્મે તે તો જાય, પણ જવા જવામાં ફેર. કોઇ રડીને જાય, કોઇ હસીને જાય, કોઇ બેચેન બનીને, કોઇ શાંતિથી જાય, કોઇને જાણીને, કોઇ જાણ્યા વિના જાય, કોઇ બળજબરીથી, તો કોઇ સમજીને જાય, કોઇ સત્કર્મની સુવાસ મૂકીને, તો કોઇ દુષ્કર્મોની દુર્ગંધ મૂકીને જાય. કોઇ માંગણી કરીને જાય, તો કોઇ નિર્મળ હૃદય સાથે કોઇપણ જાતની માંગણી કે ફરિયાદ વિના જાય.

મરણનો પ્રસંગ શોકનો નથી તેમ ઉલ્લાસનો પણ નથી. મરણનો પ્રસંગ એ ગંભીર રીતે વિચારણા માટે છે. જેને પરમમાં પ્રીતિ તેને દરેક પાણી ગંગા જેવું લાગે. હરેક પ્રવૃત્તિ પૂજા જેવી જ લાગે. જીવતાં જ તેની સદ્‌ગતિ થાય.

કોઇપણ વિષયમાં જીવ પહેલાં ગતિ કરે, મન તન ગતિ કરે, પણ પ્રગતિ થઇ કે કેમ? સારે માર્ગે ગતિ, પૂર્ણતાના માર્ગે ગતિ તે પ્રગતિ. પૂર્ણતા તરફ જ વાણીથી, શરીરથી, મનથી ગતિ તે પ્રગતિ છે.

જાગ્રત્ રહી ગતિ કરે તેની પ્રગતિ થાય, સત્ તરફ ગતિ ઉપનિષદ્‌માં પ્રભુને સત્ કહ્યા. રાગદ્વેષ, વાસના જીવને ઘેરી વળે તો તે દુર્ગતિ જીવતાં જ થાય. જીવન બે જાતનું.

પહેલું–જે જોઇ રહ્યા છે, દેખાય છે, સંભળાય, સ્પર્શ થાય તે સ્થૂળ જીવન.

બીજું–અપાર્થિવ સૂક્ષ્મ જીવન.

એ જીવનવાળા જીવો લીંગ શરીરવાળા હોય, તેઓ ઇચ્છા



વાસના સંતોષે. ભજન પણ કરે. સિદ્ધ સંતો સૂક્ષ્મ શરીર ભક્તોના કલ્યાણર્થે રહે. પ્રેતો, દેવો પણ એ યોનિમાં રહે. એ સૂક્ષ્મ જીવોને તેજોમય શરીર હોય છે. તેઓમાં પૃથ્વીતત્ત્વ નથી, જેથી તેઓ આકાશમાં રહે છે. દરેકને શરીર તો જોઇએ. તો જ પ્રગતિ કે ગતિ થાય.

સદ્ પ્રત્યે–પ્રભુ પ્રત્યે ગતિ પછી સ્થિતિ. અલકાપુરી તરફ ચાલીએ, વિચારીએ કે તે તરફ જઇએ તે ગતિ. પછી પ્રવેશ, અને તે પછી બેસવું તે સ્થિતિ. સ્થિતિ એટલે બ્રાહ્મી સ્થિતિ–પરમાત્મામાં સ્થિતિ.

વિષયોનો મોહ–શોક એ સ્થિતિમાં રહેતો નથી. પરમાત્મનિષ્ઠ જીવો સ્મિત સાથે, સંતોષથી જાય. મહાન સિકંદરને પણ જવું પડેલું. માનવશરીરનો પાસપોર્ટ હોય તે દરેક જીવને રીટર્ન ટીકીટ. સાચુ એ છે કે આવે જે તે જાય જ.

મસુરીના જજ શ્રી મોતીબાબુ લક્ષ્મી દેખી ચળતા નથી. તેનો પ્રસંગ પૂ. શ્રી કહે છે.

લાકડી સારી છે, પણ તેને વાપરવાની પદ્ધતિ એ માનવના હાથમાં છે. પ્રવૃત્તિ–પદ્ધતિ સારી છે, પણ વાપરનાર માનવ બરાબર નથી.

સિદ્ધાંત માટે મરી ફીટનાર ગુરુ તેગબહાદુર જેમણે સત્ શ્રી અકાલ કહીને પ્રાણ છોડયો તેની વાત પૂ. શ્રી કહે છે.

દરેક માનવજીવન પારકી થાપણ જેવો છે. મૃત્યુની તૈયારી દરેકે કરતાં શીખવાનું છે. (કબીરનું પદ ગાય છે. ગવડાવે છે. સમજાવે છે.)

કર લે શૃંગાર ચતુર અલબેલી,
સાજન કે ઘર જાના હોગા.

હે જીવ, તું તૈયાર થઇ જા. રાજનના ઘેરે જવા માટે. ભક્તિના જલથી નાહી લે. મેલ લાગ્યો છે તે ધોઇ લે. પ્રભુના પ્રેમથી મસ્તકને મંડિત કર. જગત્ વિનાશશીલ છે.

આ રીતે આપણા મનને કહેવાનું છે. જેથી ગતિ થાય, પ્રગતિ થાય ને સદ્ગતિ પણ થાય.

માનવના મૃત્યુ પછી બે રીતે વાતો થાય છેઃ–

(૧) ગયા–કોણ? પેલા ગયા–રહ્યા હોત તો સારું થાત.

(૨) ગયા–કોણ? પેલા ગયા–વહેલા ગયા હોત તો સારું.

આપણે આપણા મરણ પછી કેવું કહેવડાવવું છે તે આપણે વિચારવાનું છે. જીવતાં જ આપણી સુવાસને લોકો પામે એવું જીવન બનાવો વગેરે.

આજે આવો સુંદર નાનકડો વાર્તાલાપ થયો. ત્યારબાદ સર્વેશ્વરીએ થોડી વાતો કરી. ધૂન બાદ પ્રણામ કરી સૌ વિદાય થયા.

રાજકોટથી ગાડી આવી ગઇ. અમદાવાદથી બાબુભાઇ આવી ગયા. કપુરાથી મોહનલાલ આવી ગયા, આનંદ કાલે યાત્રા શરૂ થશે.

રાત્રે સાડા અગિયાર સુધી યાત્રાની તૈયારી કરી. પછી આરામ.

**આસો વદ પાંચમ, સંવત્ ૨૦૩૬, વડોદરાથી ઉદેપુર.**

**તા. ૨૮–૧૦–૮૦, મંગળવાર.**

**યાત્રાનો આરંભ**

આજે અગાઉના કાર્યક્રમ મુજબ સવારે વડોદરાથી અસ્થિ-વિસર્જન અંગે પ્રયાણ શરૂ થયું.



આ યાત્રામાં શ્રી નારાયણભાઇ જાની (અધ્યાત્મના તંત્રી–પૂ. શ્રીના સાથી) જોડાઇ ન શક્યા. પ્રભુઇચ્છા બળવાન્ છે. એ રીતે વડોદરાથી શ્રી જીતુભાઇ ગાંધી પૂ. શ્રીના સર્વશ્રેષ્ઠ સેવાભાવી યજમાન) પણ પોતાની ધંધાકીય મુશ્કેલીને લીધે આ યાત્રામાં સહભાગી બની ન શક્યા. એનો થોડો રજ હતો.

સવારે સાત વાગ્યે પૂ. શ્રી પોતાના રૂમમાંથી નીચે ઉતરે છે. નિયમ પ્રમાણે આજે બે કલાક વહેલું દૂધ લે છે, વિદાય આપનાર સૌ ભાવિકો પૂ. શ્રીને પ્રણામ કરે છે. પ્રણામ કરનારામાં સૌ પ્રથમ શ્રી જીતુભાઇનું કુટુમ્બ છે, પછી કપુરાથી આવેલી છ બેનો છે. પછી વડોદરાના ભક્તો પૂ. શ્રીને પગે લાગે છે.

સૌની વિદાય લઇ યાત્રાના શ્રીગણેશ મંડાયા, વડોદરાથી બહાર નીકળતાં જ પૂ. શ્રી માળા માંગે છે. પોતાના નિયમ પ્રમાણે ૫૦ માળા ઉપરાંત બીજી ૫૫ માળા આજે માર્ગમાં કરે છે. વચ્ચે ધનસુરા પેટ્રોલપંપ ઉપર સહુ યાત્રિકો નીચે ઉતરે છે, ત્યારે પૂ. શ્રી પણ તેઓને જપ જ કરવાનું સૂચન કરે છે.

વડોદરાથી નડિયાદ, મોડાસા, ધનસુરા થઇ શામળાજી લગભગ ૧૧॥ આવી ગયા. ગાડીમાં સર્વેશ્વરી ને પૂ. શ્રી પાછળ અને શ્રી શાંતિભાઇ આગળ મુખ્ય છે. બાકીના બેએક બદલાયા કરે છે. બીજી ગાડી શ્રી જશભાઇની છે. જેમાં શ્રી કલોલા (જેને પૂ. શ્રી કલ્યાણને નામે સંબોધે છે) શ્રી બાબુભાઇ વોરા (અમદાવાદ ધ્યાનકેન્દ્રના સેવાભાવી સંચાલક), શ્રી વિનુભાઇ અમીન (વડોદરા ધ્યાનકેન્દ્રના સંચાલક) શ્રી રાજુભાઇ પુરોહિત, (વડોદરા ધ્યાનના પ્રથમ સંચાલક–હાલ પ્રોફેસર–શ્રદ્ધાળુ, સૌથી નાનકડા યાત્રી) શ્રી મોહનભાઇ (સર્વેશ્વરીના સ્વજન અને પૂ. શ્રી ઉપર પ્રેમભાવ રાખનાર), શ્રી

હરિભાઇ ભોજાણી (મોરબી ધ્યાનકેન્દ્રના સજાગ સંચાલક) આ સૌ બીજી ગાડીમાં બેઠા છે. કોઇ કોઇવાર બે કે એક પૂ. શ્રીની ગાડીમાં બેસે છે.

આમ યાત્રિકો ગાડી ચાલક સાથે ૧૦ છે. એમાં ૩ વડોદરા, ૨ મોરબી, ૧ રાજકોટ, ૧ અમદાવાદ, ૧ કપુરા અને પૂ. શ્રી તેમજ સર્વેશ્વરી પણ છે.

શામળાજી મંદિર એ પહાડો વચ્ચે આવેલું સુંદર સ્વચ્છ શાંત સ્થળ છે. મંદિરમાં વિષ્ણુ ભગવાનની મૂર્તિ છે. બાંધણીને કોતરણી સરસ છે.

દર્શન બાદ મંદિરના ઓટલે પૂ. શ્રી બેઠા છે. ભોજનની વ્યવસ્થા અંબિકા લોજમાં થાય છે. આજે પૂ. શ્રી પ્રથમવાર એક વરસે રોટલી ખાય છે. એ શામળાજીની મહત્ત્વની નોંધ છે.

ભોજનબાદ આરામ માટે ધર્મશાળા કરતાં કુદરતના સાન્નિધ્યમાં નદી કિનારે, વૃક્ષ નીચે આરામનો વિચાર થતાં દૂર નદી કિનારે વિશાળ બે વૃક્ષો છે. ત્યાં એક વૃક્ષ નીચે ગાડીઓ પાસે પૂ. શ્રી ને સર્વેશ્વરી આરામ કરે છે. બીજા વૃક્ષ નીચે સૌ યાત્રિકો આરામ કરે છે.

પૂ. શ્રીએ આજે કહ્યું, 'ડાકોર સર્વેશ્વરીએ ન જોયું હોય તો ત્યાં જઇએ. (એટલે કે આ આખીયે યાત્રા સર્વેશ્વરીને માટે માતાજીના નિમિત્તે યોજાઇ રહી છે એવું પૂ. શ્રી માને છે. જેથી સર્વેશ્વરીને પણ દરેક સ્થળો બતાવી દઉં. એવી ભાવના પૂ. શ્રીના અંતરમાં ચાલી રહી છે.)

શામળાજીમાં ત્રણ વાગ્યા સુધી આરામ કરી રતનપુર થઇ ઊદેપુર સાંજે ૬–૦૦ વાગ્યે આવી ગયા. પહાડી માર્ગ ઉપરથી મોટર



પસાર થતી હતી. જાણે કાશ્મીરના માર્ગે મુસાફરી કરતાં હોઇએ એવું લાગ્યું.

જ્યોતિ હોટલમાં ઉતારો કર્યો. પૂ. શ્રીએ વિશેષ સૂચનો કર્યાં. સૌએ અલ્પાહાર કર્યો. ત્યારબાદ થોડો સત્સંગ થયો. તે પહેલાં સ્તુતિ, ભજનધૂન થયાં.

પૂ. શ્રીએ કહ્યું કે માતાજીના શરીરત્યાગનો આજે ચોવીસમો દિવસ છે. એ નિમિત્તે આ પ્રવાસ ગોઠવ્યો એટલે ઉલ્લાસ તો ખરો જ, પણ થોડી ગંભીરતા પ્રસંગની પાછળ છે. વિસર્જનનો ભાવ ભાવનગરમાં ઉદ્ભવ્યો. શુભસ્ય શીઘ્રમ્ । સારી વાત બને એટલી આચરણમાં જલ્દી ઉતારવી. એમ વિચારી આ પુણ્યપ્રવાસની યોજના થઇ. ઈશ્વરની કૃપાથી આ ભૂમિમાં આવી ગયા.

ગંભીર, ઉલ્લાસ ને પ્રેરક પ્રસંગ છે. એટલે બને તેટલો સમય પ્રાર્થના, જપ ધ્યાનમાં જ ગાળીએ, વધુને વધુ જપ પ્રાર્થના કરીએ. સારા નિયમો લઇએ. નિયમો પાળવા તત્પર બનીએ તો આ પુણ્યપ્રવાસ બની શકે, જીવનમાં ઉપયોગી બને.

બહારનું થોડું કામ કરો ને વધારે કામ—સારું વાંચન, ચિંતન, નિરીક્ષણ, શુદ્ધિનો વિચાર, આ પુણ્યપ્રવાસ દરમ્યાન કરવો. સ્થૂળ રીતે પ્રવાસ અને સૂક્ષ્મ રીતે મનથી અનુભવ મેળવવા–પ્રભુની સાધના કરીએ. આસક્ત ક્યાંયે ના થઇએ. આ સંસારમાં સાક્ષીની પેઠે રહીએ તો આનંદ મળે.

ગયા રવિવારે કરનાળી અસ્થિવિસર્જનનો કાર્યક્રમ થયો તેનો અહેવાલ શ્રી મોહનલાલ આપશે. એ રીતે મોહનલાલ, વિનુભાઇ ને રાજુભાઇને સૂચના આપી જેથી તે સૌએ વાતો કરી.

યા દેવી સર્વભૂતેષુ શક્તિરુપેણ સંસ્થિતા,
યા દેવી સર્વભૂતેષુ માતૃરુપેણ સંસ્થિતા,
યા દેવી સર્વભૂતેષુ સર્વરુપેણ સંસ્થિતા,
સર્વેશ્વરી મહાદેવી, સર્વલોક મહેશ્વરી,
દક્ષિણેશ્વર વાસીની સર્વલોક નિવાસીની.
જ્યોતિર્મયી મહાદેવી, સર્વલોક મહેશ્વરી.
યા દેવી સર્વભૂતેષુ શાન્તિરુપેણ સંસ્થિતા,
યા દેવી સર્વભૂતેષુ મુક્તિરુપેણ સંસ્થિતા,
નમસ્તસ્મૈ, નમસ્તસ્મૈ, નમસ્તસ્મૈ નમો નમઃ

શાંતિમંત્ર બોલી સત્સંગ પૂર્ણ થયો. હરિઃૐ

( ક્રમશઃ )

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



## પ્રભુજી !

કોની કેવી નિયતિ, પ્રભુજી ! કોની કેવી નિયતિ?
બુદ્ધિ ન સમજે રતિ, પ્રભુજી ! કોની કેવી નિયતિ?

સૂત્રધાર જ્યમ નચવે પૂતળી, જીવની એવી ગતિ,
પ્રભુજી ! કોની કેવી નિયતિ?

લીલાલ્હેર કરે કુબ્જા ને વનવન ભટકે સતી,
મૂરખ શિર જલ હસ્તિની સીંચે, હાથ ઘસે છત્રપતિ...પ્રભુજી !

કાદવમાંથી કમલ ખીલે ત્યમ, ભોગીમાંથી જતિ !
જતિ-રતિની વાત નિરાળી ! માયાવી વિરતિ !...પ્રભુજી !

અંધબધિર ને મૂક પંગુ ગ્રહ, ભાગ્યઘડન્તની ગતિ !
કર્મ-કાળ-યમ-દેવવૃંદની થનાર હોય તે થતી !...પ્રભુજી !

નિર્ગુણ સગુણ બનીને તલપે-વિલપે વિશ્વપતિ !
અકલ કલાધરની શી લીલા ! ગહનની ગહનગતિ !...પ્રભુજી !

બુદ્ધિ ન સમજે રતિ, પ્રભુજી ! કોની કેવી નિયતિ !

ડૉ. રણજિત પટેલ (અનામી)

જે જ્ઞાનવડે વૈરાગ્ય થાય તે જ ખરૂં જ્ઞાન છે. બાકી જે વડે ધન, સ્ત્રી, પુત્ર આદિનો વધારો થતો રહે છે તે તો જડતા જ વધી છે એમ સમજવું.

(યોગવાસિષ્ઠનાં સૂત્રો)

વડોદરામાં

# રામાયણની આધ્યાત્મિક રસલ્હાણ

**એક પારાયણી**

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તુલસીકૃત રામચરિત માનસના પૂ. શ્રી યોગેશ્વરજીએ ગુજરાતીકાવ્યમાં અનુવાદિત કરેલ રામાયણના સમૂહગાનનો કાર્યક્રમ તા. ૫ નવે. થી ૧૨ નવે. સુધીનો હરદ્વારમાં રાખેલ. આ કાર્યક્રમમાં ભાગ લેવા અમેરિકા, કેનેડા અને ઇંગ્લેન્ડથી પણ સાધક ભાઇબહેનો આવવાનાં હતાં. ગુજરાતભરમાંથી તેમ જ મુંબઇનાં ભાઇબહેનો પણ જોડાવાનાં હતાં. બધાનાં રીઝરવેશન અગાઉથી થઇ ગયેલાં. પરંતુ પૂ. માને લાગ્યું કે દેશની તે સમયની અશાન્ત પરિસ્થિતિમાં હરદ્વાર જવું ઉચિત નહિ રહે. અને તારીખ ૩૦ મી ઓક્ટોબરની રાતે પૂ. માએ હરદ્વારનો આ કાર્યક્રમ રદ કરી, વડોદરામાં તે કરવાનો નિર્ણય લઇ લીધો.

પરંતુ પૂ. માને આવો નિર્ણય કરવામાં સહાયભૂત થવાનું શ્રેષ્ઠ શ્રેય શ્રી ભરતભાઇ જીતુભાઇ ગાંધીને ફાળે જાય છે. એમને ત્યાં જ પૂ. માનો ઉતારો. પોતાના માતાપિતા અમેરિકા, કલ્પુબેન લગ્ન પછી બેંગ્લોર છતાં એકલે હાથે આ કાર્યક્રમનું આયોજન કરવાનું એમણે માથે લીધું. તેમાં તેમને એમનાં પિતાજીના કૃષ્ણપ્રેમી ભક્ત શ્રી લાલાજી તેમ જ તેમનાં ધર્મપત્ની કપિલાબેનનો સરસ સાથ સહકાર મળી ગયો.

વડોદરાના પૂ. શ્રી અને પૂ. માના ભક્ત પરિવારો જેવા કે શ્રી વિજયસિંહ રાણા, શ્રી વિનોદભાઇ જોષી, શ્રી વિનુભાઇ અમીન,



શ્રી અનિરૂદ્ધભાઇ કાકા, શ્રી વિજયભાઇ પંડિત, હરીશભાઇ કોન્ટ્રેક્ટર, શ્રી પૂર્ણિમાબેન પટેલ, શ્રી મંજુબેન ભાવસાર તેમ જ બીજાઓએ પણ સાથ પૂરાવી તેને સફળ અને યશસ્વી બનાવ્યો.

તે સમયે વડોદરામાં પણ અશાન્ત પરિસ્થિતિ. શહેરના ઘણા વિસ્તારોમાં કરફયું. એટલે બહારગામથી આવતા સાધકોને ક્યાં ઉતારવા તે મહત્ત્વનો પ્રશ્ન. પરંતુ જે કાર્યમાં પ્રભુ પોતે સંમત હોય, ત્યાં પ્રતિકૂળતા ટકતી નથી. ઉતારાના પ્રશ્નનું હલ પણ એ રીતે જ સહજતાથી મળી ગયું. મોરબીના પૂ. મા–પ્રભુના પ્રેમીભક્ત શ્રી હરિભાઇ ભોજાણીના જમાઇ ડૉ. પ્રકાશભાઇ કોટેચા અને એમનાં ધર્મપત્ની મીનાબેને તેમાં સહાય કરી. ડી. એન. હોસ્ટેલની રૂમો સાધકોના ઉતારા માટે ફાળવી આપી. આ ઉતારો સરસ રહ્યો. રામાયણના પારાયણ માટે શ્રી જીતુભાઇ ગાંધીના બંગલાના પ્રાંગણને પસંદ કરવામાં આવ્યું.

સરસ મંડપથી આ જગાને ફૂલોના ગુચ્છો ને હારોથી સજાવવામાં આવી. વિદેશથી આવેલ ત્રીસપાંત્રીસ જેટલાં સાધક ભાઇબહેનોને શ્રી ભરતભાઇએ પોતાની આસપાસના સગાંસ્નેહીઓના બંગલાઓમાં સમાવી લીધા. અને ભોજનનો સરસ પ્રબંધ નજીકમાં જ ગોઠવી દીધો.

આમ બહારથી આવતા સાધકોને શહેરની અશાન્ત પરિસ્થિતિ સહેજ પણ નડી નહિ, તેમ જ પારાયણના સ્થળેથી ઉતારા ઉપર ચાલીને જવામાં કોઇ પ્રતિકૂળતા રહી નહિ. સાધકોની સર્વ પ્રકારની સુવિધાનો ખ્યાલ આ આખા આયોજનમાં કાર્યાન્વિત થયો. પૂ. મા–પ્રભુની કૃપા સિવાય માત્ર ત્રણચાર દિવસના ગાળામાં આ શક્ય શી રીતે બને !

બહારગામથી આવેલ સર્વ સાધક ભાઈબહેનોને રામાયણ પારાયણના બપોરના વિશ્રામમાં બરાબર સાડાબારના ટકોરે એવું તો સ્વાદિષ્ટ ને વિવિધતાપૂર્ણ ભોજન પીરસવામાં આવતું કે એનો સ્વાદ–રામાયણની કથા સાથે સહુ રસપૂર્વક માણતા. ભગવાન રામના ગુણાનુવાદના રસમાં ભોજનનો આ રસ સોનામાં સુગંધની જેમ ભળી જઈ–એને જીવનના એક ચિરસ્મરણીય સંસ્મરણમાં ફેરવી દેતો. સતત દસ દિવસ સુધી સાધક ભાઈબહેનોને જમાડવાનું સત્કાર્ય તો ભાવભક્તિ કે પ્રેમભાવ વગર કોણ વિચારી શકે? સામાજીક લગ્નપ્રસંગો કે બીજા સાંસારિક ઉત્સવ પ્રસંગોએ માણસો પ્રતિષ્ઠા કે મોભાને માટે ઘણો બધો ખર્ચ કરતા હોય છે, પરંતુ ધર્મકાર્ય માટે, સાધુસંતો કે સાધકોને કશી પણ અપેક્ષા વગર જમાડવાનું કામ તો કોઈ ભાગ્યશાળીના નસીબમાં જ લખાયેલું હોય ને!

વિદેશથી આવેલ બધા ભાઈબહેનો આ સત્કર્મમાં સહભાગી થયાં અને તેઓએ બધા દિવસોનો ભોજનનો ખર્ચ ઉપાડી લીધો. તેઓ સહુ અભિનંદનના અધિકારી છે.

રામાયણના પ્રારંભના દિવસથી જ પૂ. માની પૂર્વાભિમુખ બેઠક સરસ રીતે ફૂલોથી સજાવી, પૂ. શ્રી યોગેશ્વરજીનું સ્વરૂપ પધરાવ્યું છે. તેના આગળના ભાગમાં પૂ. માની બેઠક છે–જાણે, પૂ. શ્રીના અંકમાં બેસી આ રામાયણ પારાયણ ન કરી રહ્યાં હોય!

શરૂમાં જ પૂ. માએ કહ્યું : રામાયણની કથા કેવળ સાંભળવાની કથા નથી; એ જીવનમાં ઉતારી આચરવાની કથા છે. રામમય જીવન બનાવવાની કથા છે. એનાં સર્વે પાત્રો આદર્શ પૂરા પાડતાં પાત્રો છે. રામ એ આદર્શ પુત્ર, પતિ, ભાઈ કે રાજાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ છે,



લક્ષ્મણ ભાઈનું, ભરત સેવકનું, સીતા પતિવ્રતા સન્નારીનું, તો મા કૌશલ્યા ને સુમિત્રા પણ ધૈર્ય ને ત્યાગનાં પ્રતીકો છે. રાજા દશરથ રામ વગરના અયોધ્યામાં ન જીવી શકનાર ભક્તનું પ્રતિનિધિત્વ કરે છે.

સુગ્રીવ ને વિભીષણ–તામસ યોનિમાં જન્મીને પણ ભગવાન રામનો શરણાગત જીવ બની શકાય છે; એ વાત સમજાવે છે. રાવણ વેરભાવે પણ ભગવાન રામને જ ભજે છે. ગમે તે ભાવે પણ ભગવાનને ભજો–તો પ્રભુ તમારો સ્વીકાર કરશે. છતાં આપણે પ્રભુને ભજવા હોય તો ખરાબ ભાવથી શા માટે ભજવા? સારા ભાવથી જ ભજીએ.

વિભીષણ જ્યારે ભગવાન રામના શરણે જાય છે ત્યારે તેઓ કહે છે કેઃ–

જનની જનક બંધુ સુતદાર,
તન ધન ભવન સુહૃદ પરિવાર,
ભેગા કરી મમતના તાર,
બાંધે મુજ પદ દોર રસાળ.

પૂ. માએ કહ્યું, "આમ સર્વે લૌકિક સંબંધો ને સંપત્તિનો પરિત્યાગ કરી જે જીવ પોતાની મમતાના તાર પ્રભુના ચરણોમાં બાંધે છે, તે જીવનો પ્રભુ સ્વીકાર કરે છે. આપણે પણ આપણા દુન્યવી મમતાના તાર પ્રભુપદે જોડી દેવાના છે. તો રામાયણનું પારાયણ કર્યું સફળ થઈ જાય આજ રામાયણનો સાર છે. બાકી અનેકવાર રામકથા સાંભળીએ અને તે પ્રમાણે આચરણ ન કરીએ તો તેનો કશો અર્થ નથી."

પૂ. માના મુખે પૂ. શ્રીએ અનુવાદિત કરેલ રામચરિત માનસના

ગાનને સાંભળવું એ એક જીવનનો અપૂર્વ લહાવો છે. પૂ. માના ભાવસભર સૂરીલા બુલંદ કંઠે ગવાતી ચોપાઇઓમાં શ્રી ભગવાનજી-ભાઇ, પૂર્ણિમાબેન ને શ્રી સુશીલાબેન મંજીરાઓના મંજુલનાદથી તાલ પૂરતાં, તો બે યુવાનો તબલાં વાદનથી તેમાં સરસ સાથ પૂરાવતા. પરિણામે સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ભાવ સાથે સંગીતના સૂરોથી ભરાઇ જતું; દિવ્યતા સભર બની જતું. તેના પ્રભાવમાં સમૂહમાં રામાયણનું ગાન કરતા સાધક ભાઇબહેનો—સંસાર ભૂલીને એવાં તો ઓતપ્રોત બની જતાં કે સ્થળ અને સમયનું ભાન પણ ખોઇ બેસતાં. ભગવાન કૃષ્ણના બંસીવાદનના શ્રવણે સુધબુધ ખોઇ બેસતી ગોપીઓની યાદને આ દૃશ્ય તાજી કરાવતું.

રોજ રોજ સુંદર હારોથી પૂ. ગુરુદેવ પૂ. મા અને ભગવાન રામનું અભિવાદન થતું, તો થાળીમાં સરસ રંગોળી પૂરીને તૈયાર કરેલી શ્રી લાલાજીની આરતીઓ ઉતારવાનો લહાવો સર્વે સાધકોને પૂ. મા આપતાં. પૂ. મા કહેતાં અહીં સહુ સહુને પ્રભુની આરતીનો લાભ મળશે, તેના કોઇ પૈસા ભરવાના નથી. આરતીમાં પૈસા ન મૂકવા માટે પૂ. મા ખાસ સૂચના આપતાં.

સમગ્ર રામપારાયણ દ્વારા પૂ. મા સાધકોને જાણે એ વાત સમજાવી રહ્યાં હતાં કે "હે જીવ, તારી ખાવાપીવાની, રહેવાની બધી જ જવાબદારી મેં ઉપાડી લીધી છે. હવે તો તું પ્રભુના શરણે આવ. પ્રમાદ ને આળસ ક્યાં સુધી કરીશ !"

રામાયણ પારાયણમાં ભાગ લેનાર સર્વે સાધક ભાઇબહેનોએ એવી અપૂર્વ શાન્તિનો અનુભવ કર્યો કે દેશ અને દુનિયાની અશાન્તિ એમને સહેજ પણ સ્પર્શી શકી નહિ. આ ઉપરાંત શ્રી રાજુભાઇ શાહે પોતાના તરફથી સ્ટીલના તાસ પુરસ્કારરૂપે સહુને આપી, તો



બીજાઓએ પૂ. માના સરસ રંગીન સ્વરૂપો ભેટરૂપે આપ્યાં.

અમેરિકાના શ્રી વિનોદભાઇ પટેલે તેમ જ શ્રી અજયભાઇ કલોલાએ પૂ. માના આ સમગ્ર કાર્યક્રમને વિડીઓમાં પરિશ્રમપૂર્વક મઢી લેવાની સરસ સેવા બજાવી.

સાધકોના ઉતારાની સેવા શ્રી વિનુભાઇ અમીન, શ્રી વિજય-ભાઇ પુરોહિત, શ્રી વિનોદભાઇ જોષી, શ્રી અનિરુદ્ધભાઇ કાકા, અને તેમના પરિવારના સભ્યોએ સંભાળી. તેમાં મોરબીના શ્રી પ્રભુભાઇ હળવદિયા ને શ્રી વસંતભાઇએ સાથ પુરાવ્યો.

કાર્યક્રમના અન્તે પૂ. માએ સહુ સાધકો સાથે મળી ગાયું:—

"ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ, કાર્ય એ મારું સફળ કર્યું,
અશક્યને તેં શક્ય કર્યું, બીરુદ સ્વજનનું સત્ય કર્યું."

અરે, આશ્ચર્યની વાત તો એ બની કે જે સાધક ભાઇબહેનો, આ કાર્યક્રમમાં ભાગ લેવા અગાઉથી હરદ્વાર પહોંચી ગયેલાં, તેઓ પોતાની સાથે ગંગાજળ લેતાં આવેલાં. પૂ. માએ વડોદરામાં રામ-પારાયણમાં બેઠેલા સર્વેને પોતાના સ્વહસ્તે ગંગાજળથી અભિસિક્ત કર્યા ને તેનું પાન પણ કરાવ્યું. આમ સાધકોના એ ભાવને પણ પૂ. મા—પ્રભુએ પૂરો કર્યો. એનાથી સાધકો આનંદિત બની ઊઠયા, ધન્યતા અનુભવી.

### સુવાક્ય

સમાધિ—સુખ પ્રાપ્ત કરતો પુરુષ સ્ત્રી, પુત્ર વગેરે સર્વ કુટુમ્બી વર્ગ, મિત્રો તથા ધન, એ જાણે સ્વપ્નમાં દેખાતાં હોય અને જાણે કોઇ બીજા જન્મનાં હોય તેમ તેને દેખે છે.

# સંતોની સાધના (૨)

અજીત પાઠક (કેનેડા)

(નવેમ્બર ૯૦ ના અંકથી આગળ)

ઘણા માણસો પૂછે છે કે આમ ભક્તિ કરીયે ને સત્સંગ કરીયે તો પૈસા અને સંસારના સુખો મળે ખરા? હવે એક માણસ રાજા બને તેનાથી વધારે સંસારનું બીજું સુખ શું જોઈએ? ભગવાન બતાવે છે કે તમે રાજા પણ બની શકો, ભગવાન કલ્પવૃક્ષ છે તે તમારી ભાવના પૂર્ણ કરશે. જો તમારે ભક્તિ, વૈરાગ્ય, મોક્ષ, જ્ઞાન જ જોઈતું હશે તો તે પણ તમોને મળશે. તમે વિશ્વાસ અને શ્રદ્ધા રાખીને ભજો તો ખરા.

(પૂ. શ્રી પોતાનો દાખલો આપી કહે છે) જુવો, અમે તમારી સામે જ બેઠા છીએ (શ્રોતાઓને સંબોધીને) કાલે તો રવિવારનો દાડો છે ને, ટાઢો દિવસ ગણાય. પણ રવિવારની સાંજ પડે એટલે ચિંતા ચાલુ થાય. અમારે તો કંઈ જ ચિંતા નહીં. અમે તો સોમવારેય ટાઢા ને મંગળવારેય ટાઢા, કંઈ જ ચિંતા નહીં, માત્ર ભગવાનના કામની જ ચિંતા, અમે તો નિરાંતે ખાઈએ પીયે, નિરાંતે ઉઠીયે, બેસીયે, ચાલીયે, સૂઈએ, આખો વખત નિરાંતનો જ અનુભવ કરીયે. સંસારના કામની કોઈ જ ચિંતા નહીં, જો તમને ડોલર મળતા હશે તો અમોને નહીં મળતા હોય? અમોને તમારા કરતાં પણ વધારે મળે કારણ કે અમે ભગવાનનું શરણ લીધું છે ને, અને ભગવાનની જોડે લક્ષ્મીજી રહે અને ભગવાન અમારી ચિંતા કરે એટલે જરૂર કરતાં પણ કંઈક વધારે પ્રભુ અમોને આપે, એના હજારો હાથ. ઈ. સ. ૧૯૪૨



માં હું જ્યારે હિમાલય ગયો ત્યારથી જે તમે કરો છો તે જોબ (નોકરી) હું કરતો નથી. જો તમે આટલા બધા વર્ષોથી જોબ ના કરતા હોય તો તમારી શી દશા થાય?

અમે તો હરીયે, ફરીયે, ખાઈયે, પીયે, પરદેશમાં આવીયે માતાજીને પણ પરદેશમાં લાવ્યા. બધા તીર્થોની ત્રણ ત્રણ વાર જાત્રા પણ કરાવી, જગન્નાથ, રામેશ્વર, કન્યાકુમારી, બદરીનાથ વિગેરે યાત્રાધામોની, અરે બદરીનાથમાં એક એક મહિનો રહેતા. સંસારી માણસો પણ આવું સુખ નથી ભોગવી શકતા. તેમને પોતાની ચિંતાઓ, હૈયાવરાળો અને મુંઝવણોનો પાર નથી. અમે તો ઉલટા કંઈક આપતા જઈએ, કેટલાય વિદ્યાર્થીઓને ફી આપી જેથી તે ભણી શકે છે, આપણું આ અધ્યાત્મ માસિક બહાર પડે છે તેનું શું પ્રયોજન છે? એમાં જુદી જુદી મેટર મળે છે, ચોખ્ખું સાહિત્ય, ચોખ્ખા કાગળ આ રીતે જનતાની સેવા થાય છે. અત્યારે ધર્મનો સાચો પ્રવાહ કપાઈ ગયો છે, સારા અને સાચા વિચારોની બહુ જ જરૂર છે. ભળતા વિચારો સમાજમાં ફેલાયા, જાદુગરી ચમત્કાર વિગેરેને લોકો ધર્મ માને છે. અધ્યાત્મમાં બુદ્ધિમાં ઉતરે તેવું સરળ સાહિત્ય આવે છે, લવાજમ પણ ઘણું ઓછું છે. લવાજમ કરતાં તો કાગળની કિંમત વધારે થાય છે. આનાથી તમે તમારા ધર્મ અને સંસ્કૃતિથી માહિતગાર થાવ છો, બાકી તમે તમારા દેશ, ધર્મ અને સંસ્કૃતિના પ્રવાહથી કપાઈ ગયા છો. આમાં તંત્રી કે કાર્યકર્તાઓ પગાર લેતા નથી. આમાં સરકારી ઓફિસરો કામ કરે છે. તેઓ કહે છે કે અમે તો ઘણું બધું કમાયા, આ તો અમારા દ્વારા ઘણું સારુ કામ થાય છે. અમોને શાંતિ મળે છે અને આત્મસંતોષ થાય છે. તંત્રી કહે છે કે આ માસિક તૈયાર કરવા મારે કેટલા બધા લેખો વાંચવા પડે છે! તેને ચૂંટવા પડે છે.

આમાં મારો વખત ઘણો સારો જાય છે. પહેલાં હું મારા માટે, મારા કુટુંબ માટે કમાતો, પણ હવે હું સમાજ માટે કામ કરું છું. મારું જીવન ધન્ય થઇ ગયું.

કેટલી બધી સારી વાત છે, તો સંતો શું કરે છે? બીજાનું હિત કેવી રીતે કરવું પોતે પ્રભુ પાસે પહોંચવું, પરોપકાર કરવો, સન્માર્ગ બતાવવો અને સંસ્કૃતિનો પ્રચાર કરવો. તો ભગવાને ધ્રુવને અને પ્રહ્‌લાદજીને કહ્યું કે તમો રાજ્ય કરો. ભગવાન રામે વિભીષણને શા માટે લંકાની ગાદી પર બેસાડયા હતા? કારણ કે ચારે તરફ નિશાચરો હતા તેમાં નેતા તો સારા જ જોઇએ. આ રામાયણની ફિલસૂફી છે. ભગવાન કૃષ્ણે પણ અર્જુનને પણ આજ ઉપદેશ આપ્યો કે તું ભાગી જઇશ તો અન્યાયની સામે લડશે કોણ? સત્કર્મ કરશે કોણ? જો હું આ ૮૦ વર્ષની ઉંમરે તને ઉપદેશ આપવા આવ્યો છું. વનમાં જવાથી સમસ્યાઓ કંઇ ઓછી થવાની નથી, શરીર સાથે મન તો આવવાનું જ છે. માટે જ્યાં તું હોય ત્યાં રહીને તારા જીવનને સારું બનાવ, નાસી જવાથી કે સંબંધ વિચ્છેદ કરવાથી શાંતિ મળવાની નથી. જ્યાં સુધી વિકારવાસનાઓને નેસ્તનાબુદ કરવામાં નહીં આવે, અને જ્યાં સુધી પરમાત્મા તરફ અભિમુખ બની તેમને પ્રેમથી ભજી તેમની કૃપા પામવાના પ્રામાણિક પ્રયત્નો કરવામાં નહીં આવે ત્યાં સુધી શાંતિ મળવાની નથી. રામાયણ, ગીતા, ભાગવત્ બધામાં આજ વાત કહેવામાં આવી છે. બીજો કોઇ રસ્તો જ નથી. સંતોની આ સાધના છે. પોતે પ્રભુપરાયણ બને અને બીજાને પ્રભુપરાયણ બનાવવાની કોશિષ કરે, તો ભગવાન તેમનું ધ્યાન રાખે. તેમને કોઇપણ પ્રકારની ચિંતા કે કમી રહે જ નહીં ને. પહેલાં ભક્તની સંતની કસોટી તો થાય જેમ નદીની થાય છે તેમ. પણ પછી તો સર્વ પ્રકારે આનંદ થાય



છે. લૌકિક, પારલૌકિક, ભૌતિક, આધ્યાત્મિક–સર્વ પ્રકારે જીવન આનંદમય બને. આવું ફળ મળવા છતાંય જીવ પરમાત્માનું શરણ લેતો નથી તો સંત તેને બતાવે છે–કેવો સંત–શ્રીમન નારાયણ નારાયણ નારાયણ. સંતે એક માણસને જોયો, સંત જાણી ગયા કે આના દ્વારા સમાજનું ઘણું કલ્યાણ થવાનું છે, જેની તેને ખબર નથી. આપણામાં શક્તિઓનો ખજાનો ભરેલો પડેલો છે. પણ એ શક્તિઓ છૂપાયેલી છે અને આપણે માયકાંગલા બની ફરીએ છીએ. એ શક્તિ જો બહાર નીકળે તો?

જોત જોતામાં એ માણસ સામો આવ્યો અને સંતને કહ્યું કે આ ઝોળીમાં શું છે? સંતે કહ્યું કે ભાઇ આમાં તો વેલા ને પાંદડાં છે તો પેલાએ કહ્યું કે મારે તો તે પણ વેંચીશ તો પૈસા આવશે અને આ રેશમી લુંગડાં ઉતારી દો તમારે તો લંગોટી જ જોઇએ.

સંત બહુ જ સમજદાર હતા. તે જાણતા હતા કે આજ રત્નાકર છે અને એક દિવસ એ રત્નનો ભંડાર બની જવાનો છે. તેના નામ પ્રમાણે સંતે પૂછયું કે ભાઇ તું આવું બધું કરે છે શું કામ? તો પેલાએ કહ્યું હું કંઇ થોડો છું તમારી જેમ ફક્કડરામ, મારે તો છૈયાંછોકરાં બધું જ છે, તેમનું મારે ગુજરાન ચલાવવાનું છે. સંતે પૂછયું તો શું એ તારા ચોરીના માલમાં જ ભાગ પડાવવાના કે આ પાપમાં પણ ભાગીદાર થવાનાં? એટલે રત્નાકર નારદજીને બાંધીને ઘેર પૂછવા ગયો. તો ઘરવાળાએ કહ્યું કે તમારી કમાણીમાં અમારો ભાગ ખરો, પણ પાપ પુણ્ય, સત્કર્મ, કુકર્મ એવું અમે કંઇ ના જાણીયે એ બધું તમે કરો ને તમે ભોગવો. એટલે રત્નાકરની આંખ ખુલી, એના પૂર્વના સંસ્કારો જાગૃત થયા, તેને થયું કે તો પછી હું શું કરવા કુકર્મ કરું?

માયા ખેલ કર મહલ બનાયા,
મુરખ કહે ઘર મેરા,
ઘાયલકા જીવડા લે ગયા,
તન તેરા નહીં મેરા,
ક્યાં ગુમાન કર ભઈ,
મિટ્ટીમેં મિલ જાના.

રત્નાકર પાછો આવ્યો અને નારદજીને પગે પડયો. પ્રભુ, આમાંથી છૂટવાનો કંઇ રસ્તો છે? નારદજીએ કહ્યું, જરૂર.

(પ્રવચનના આ અનુસંધાનમાં પૂ. શ્રીએ બીજી પણ વાત કહી હતી જે યોગ્ય લાગવાથી લખી છે—અત્યારે બધા દર્દોનો ઇલાજ છે પણ કેન્સરનો નથી. પહેલાં ટી.બી. થાય એટલે એમ મનાતું કે હવે આ થોડા દિવસનો મહેમાન છે. બધા ફફડી ઉઠે. પણ હવે તો તેનો પણ ઇલાજ શોધાઇ ગયો. હવે તો ટી.બી. એટલે શું વળી? નવી હવા ભરાવો ને, ગોળીઓ ખાવ ને—કશું જોખમ જેવું નથી. પણ હજુ કેન્સરનો ઇલાજ શોધાયો નથી. અત્યારે આખું મેડિકલ સાયન્સ તેની પાછળ પડયું છે. હજુ કડી હાથમાં આવી નથી થોડી આશા બંધાઇ છે.

દાક્તરો કહે છે કે બહુ ધૂમ્રપાન કરવાથી છાતી ખવાઇ જાય છે. ગરમી વધી જાય છે. દારૂ પીનારનું હાર્ટ ખવાઇ જાય છે. જર્મનીના ડોક્ટરો કહે છે કે માંસાહારી પ્રજાને લાંબા ગાળે કેન્સર થાય છે. અમેરિકા, ફ્રાન્સ, ઇંગ્લેન્ડ, જર્મની જેવા દેશોમાં હવે લોકો શાકાહાર તરફ વળવા લાગ્યા છે. પણ ડોક્ટરો કેન્સરનો ઇલાજ થોડા વખતમાં શોધી કાઢશે જરૂર.)

તો નારદજીએ કહ્યું કે આમાંથી છૂટવાનો ઇલાજ છે ભગ-



વાનનું નામ. પ્રભુનું નામ લો અને પછી જુઓ તમારા ગમે તેટલા અપરાધ હશે તે દૂર થઇ જશે. (ઇંગ્લેન્ડમાં એક ભાઇએ મને પૂછયું હતું કે અમને તો ભજન કરવાનો સમય ના મળે પણ મારી પત્ની ભજન કરે તો મને અડધું પહોંચે એમ અમારા ગુરુ કહેતા હતા. તો મેં કહ્યું કે તમે એમ કરો તમારી પત્ની જ રોજ થોડું વધારે ખાય તમે અઠવાડીયું ખાશો જ નહીં, તમે ચા પીતા હોય તો છોડી દેજો, પત્ની જ ચા પીવે અને સંકલ્પ કરે કે હે ચા, અડધી તું મારા પેટમાં જજે અને અડધી પતિના પેટમાં જજે. હસાહસ... અરે ભાઇ આપ મુવા વિણ સ્વર્ગે ના જવાય.)

વાવે તે લણે અને કરે તે પામે એટલે બધાયે સારૂ કર્મ કરવાનું. બધી જ ગતિ પોતાના કર્માનુસાર છે આમ કહી તેમમે રામનામનો ઉપદેશ કર્યો અને રત્નાકરને રામ રામ રામ રામ કરતાં કરતાં અનન્ય ભક્તિ પેદા થઇ કહે છે કે કીડીઓએ તેમના શરીર ઉપર ઘર કર્યા એ આ મહર્ષિ વાલ્મિકી—જે રામાયણના આદિકવિ ગણાય છે. તેમના જીવનમાં કેટલી બધી ઉત્ક્રાંતિ આવી. રત્નાકરમાંથી વાલ્મિકી. માનવ ધારે તો શું ન કરી શકે? રત્નાકર જેવો માણસ, વ્યસની, કુકર્મી માણસ જો ધારે તો, સંતની કૃપાથી, પૂર્વસંસ્કારોથી ઋષિ બની શકે. દરેકનામાં શક્યતાઓ છે પણ પ્રયત્ન કરે તો ને! ભક્ત તો પ્રાર્થના કરે છે કે હું તો દુર્ગુણોનો ભંડાર છું મારામાં વ્રત, જપ, તપ વૈરાગ્ય નથી. પ્રભુ તમે કૃપા કરો બાકી મારામાં તો તેવી શક્તિ નથી. હું મારા હૃદયનાં બારણા ખોલી અંદર નથી આવી શકતો જ્યારે તમારે તો ખોલવાની પણ જરૂર નથી તમે તો સીધા જ આવી શકો તેમ છો અને આવીને જ્ઞાનનો પ્રકાશ કરો.

પૂ. શ્રી પછી નીચેનું ભજન ગવડાવે છે.

બારણા ઉઘાડીને આવી શકુ ના અંદર,
તમે તો ઉઘાડો બારણા તમારાં તમે તો ઉઘાડો બારણા.
તોતિંગ તાળાં માર્યા, ભોગળો ભારે વાસી,
આડા અનેક આગળા... તમારા.

(ભોગવિલાસની ભારે ભોગળો અને વાસનાઓનાં તાળાં મેં મારા મન પર માર્યાં છે અને સંકલ્પવિકલ્પના અનેક આગળા માર્યા છે.)

શક્તિના એવી મારી, ભક્તિ ના એવી ભારી,
સુધબુધના વિસાતમાં,
યુક્તિ પ્રયુક્તિ મારી, ચાલી શકે ના કોઇ,
વીતે છે વેળા વાતમાં, આવેલી વેળા વીતી રહી છે વાતમાં.
ખોલી ખોલીને થાક્યો ખોલી શક્યો ના તોયે,
જોઇ શક્યો ના આગળા,
દિવસો વિત્યા ને વિત્યા મહિના વર્ષો છતાંયે,
આવ્યાં સ્વપ્નાં ના હાથમાં,
સોનેરી સમણાં આવી શક્યાં ના હાથમાં.....તમારા.
અનુગ્રહની એક આશા, ચાતકને અભ્ર કેરી,
પાણી પીવાયે કેમે ના,
તમારી જ આશા રાખી બેઠો મંદિરીયે મારે,
ખોલી દો પડદા પ્રાણના, તમારાં તમે તો ઉઘાડો બારણા.

□

### સુવાક્ય

જેનું ચિત્ત પરમાત્મામાં વિશ્રાંત થઇ જઇ પાછું ફરીવાર જગતના દૃશ્ય પદાર્થોમાં આસક્ત થતું નથી, તે જીવન્મુક્ત કહેવાય છે.



# મારા ગુરુદેવ (૫)

નારાયણ હ. જાની

### જીવન રાહ પલટાયો

તે સમયે, કોલેજમાં એકાદ વિષયમાં નાપાસ, એટલે નાપાસ ગણાતા. આજની જેમ એ.ટી.કે.ટીની સુવિધા ત્યારે ન હતી. આમ શ્રી યોગેશ્વરજી પ્રિવિયસની પરીક્ષામાં એક ઈતિહાસના વિષયમાં નાપાસ થતાં, આગળ અભ્યાસ કરવાનું અટકી ગયું તેમ જ બોર્ડીંગમાં મફત રહેવાની સગવડ પણ તેઓ માટે દૂર થઇ, એમ તેઓએ માની લીધું, પરંતુ ખરેખર એમ ન હતું. એની જાણ તેઓને પાછળથી થઇ.

શ્રી યોગેશ્વરજી કોલેજના પ્રથમ વર્ષમાં પાસ થયા હોત તો તેમને માટે આગળનો અભ્યાસ સુગમ હતો, કારણ કે ઇન્ટરમાં તેઓને ભાષા તથા લોજીક જેવા વિષયો ભણવાના હતા, તેમાં પાસ થવું તેમને માટે ઘણું સહેલું હતું. ગુજરાતી, સંસ્કૃત કે અંગ્રેજી લઇને સ્નાતક થવું તેમને મન ઘણી સરળ વાત હતી; કારણ કે તે વખતે પણ આ ભાષાઓ ઉપર તેમનું પ્રભુત્વ માન ઉપજાવે તેવું હતું.

પરંતુ ઈશ્વરની ઇચ્છા કંઇક જુદી જ હતી. કદાચ તેઓ અભ્યાસમાં આગળ વધ્યા હોત તો એક સારા પ્રોફેસર કે લેખક થયા હોત. તે સિવાયના બીજા વ્યવસાયોમાં તેમને રસ ન પડત. તેઓશ્રીના સ્વભાવ વિરુદ્ધના અન્ય વ્યવહારો જણાતા.

પરંતુ દુનિયાની દૃષ્ટિએ દેખાતી આ નિષ્ફળતાએ તેઓને જરાય નિરાશ કે હતોત્સાહ ના કર્યા. તેઓએ તો આ નિષ્ફળતાને પણ

ભગવાનની કૃપા ગણી સાનંદ વધાવી લીધી. જો કે મને તેનાથી દુઃખ થયું; કારણ કે હવે તેઓ મુંબઇ રહી શકે તેમ ન હતા અને આમ અમારે છૂટા પડવાના વિચારે, મને દુઃખ લાગતું.

૧૯૪૦ ના મે વેકેશન પછી તેઓ સરોડા ગામથી વડોદરા લોહાણા બોર્ડીંગમાં મામાશ્રી રમણલાલ વ્યાસ પાસે રહેવા આવી ગયા. મામાશ્રી આ બોર્ડીંગના ગૃહપતિ હતા. અહીં તેમનો વિચાર ફરી પ્રિવિયસની પરીક્ષા આપવાનો હતો. એટલે તેઓએ અભ્યાસ જારી રાખ્યો. પરંતુ અહીં પણ તેઓની આત્મિક સાધના સારી રીતે ચાલુ રહી અથવા વધી એમ કહીએ તોપણ ખોટું નહિ.

દુન્યવી લોકોની દૃષ્ટિએ તેઓ નવરા ને સમયને વેડફતા લાગતા. પરંતુ તેઓશ્રીએ પોતાનો જીવન રાહ બહુ સ્પષ્ટ રીતે પસંદ કરી લીધો હતો. તે માટે તેમને પૂરી સમજ હતી. તે પ્રમાણે જ તેઓ પોતાની જાતને ઘડી રહ્યા હતા. આત્મિક માર્ગના સાધકે રાખવી જોઇતી સાદાઇ ને સાવધાની તેઓએ પૂરતા પ્રમાણમાં કેળવી હતી; જે પછીના જીવનમાં તેમને ખૂબ ઉપયોગી બની.

**ભાદરણમાં શિક્ષક તરીકે**

શ્રી યોગેશ્વરજીના પિતાજીનું મૃત્યુ—તેઓની આઠેક વર્ષની ઉમ્મરે થયું હતું. તે સમયે તેમને એક નાની બહેન હતી. અને પૂ. માતાજીની ઉમ્મર પણ લગભગ છવ્વીસ વર્ષની હતી. કુટુમ્બનો વ્યવસાય ખેતીનો હતો ને આર્થિક સ્થિતિ અતિ સાધારણ હતી. આથી ૧૯૪૧ માં શ્રી યોગેશ્વરજીએ ભાદરણ કન્યા વિદ્યાલયમાં શિક્ષકની નોકરી સ્વીકારી.

ભાદરણ કન્યા વિદ્યાલય એક સરસ કન્યા કેળવણી આપતી સંસ્થા હતી. અહીંના મોટાભાગનાં પટેલ કુટુમ્બો આફ્રિકા વસતાં.



તેથી સંસ્થાને કોઇ આર્થિક મુશ્કેલી ન હતી.

ભાદરણના ગ્રામ્ય વાતાવરણમાં પણ તેઓએ પોતાની આત્મિક સાધના ચાલુ રાખવાની સુગમતા મળી રહી. શાળામાં ભણાવવા સિવાયનો ઘણોખરો સમય તેઓ વાંચન, મનન અને ધ્યાનમાં વીતાવતા. અહીં શરીરને વ્યાયામદ્વારા તેઓએ સારી રીતે સુદૃઢ કર્યું. તેની જાણ મને તેઓ વેકેશનમાં મારા વતન બ્રહ્મપુરી આવ્યા ત્યારે થઇ.

ખાદીના ધોતિયા અને હાફશર્ટમાં—તેઓનું વ્યાયામથી કસાયેલું શરીર ઘણું સારી રીતે ઓપતું. વિશાળ ભાલ, ને લાંબા છૂટા વાળ, મુખ પર પથરાએલી લાલીમા, ને આંખોની સ્થિર તેજસ્વીતા જોનારને પ્રથમ દર્શને જ આકર્ષી જતાં.

**બ્રહ્મપુરીની પ્રથમ મુલાકાત**

શ્રી યોગેશ્વરજીનું બાળપણ ગામડામાં વીતેલું, વળી તેઓનું જીવન સાદું, સરળ ને શહેરીજીવનની આધુનિક સગવડોની અપેક્ષા રહિત હોવાથી એમને ગ્રામ્યજીવન ગમતું. ગામડાનાં ખુલ્લાં હવાપાણી અને ભેળસેળ રહિત દૂધ ને સાદો ખોરાક વધુ પસંદ પડતો. એટલે જ્યારે પણ કોઇ ગામડામાં જવાનો પ્રસંગ ઉભો થતો તો તેઓ વિના હીચહીચાટ સ્વીકારી લેતા.

૧૯૪૧ નું આખું વર્ષ તેઓ વડોદરામાં રહ્યા ને આત્મિક સાધના અને યોગિક આસનોના અભ્યાસમાં, લાગી રહ્યા. ધાર્મિક પુસ્તકોનું વાંચન, મનન અને પોતાના ભાવિ જીવન વિષેના કાર્યક્રમ અંગેની વિચારણામાં ગયું. જોકે કહેવું જોઇએ કે આ દિવસો દરમ્યાન તેઓએ એક વાત નક્કી કરી નાંખી હતી કે જો ઈશ્વરની અનુભૂતિ કરી શકાતી હોય તો જીવનમાં વહેલામાં વહેલી તે કરી

લેવી. તે પછી જ જીવનમાં જે કરવાનું હોય તે કરવું. એટલે ઈશ્વરદર્શન કે આત્માની અનુભૂતિને જીવનમાં પ્રથમ પ્રાયોરીટી (First Priority) તેમણે આપેલી. બીજી બધી બાબતો આથી તેમના માટે ગૌણ બની ગયેલી. સાંસારિક સંબંધો કે ભૌતિક આબાદીના પ્રયત્નોની વાતો એમને મન ગૌણ બની ગયેલી.

એક વાત હતી કે તેઓ વિધવા માના એકના એક પુત્ર હતા. વળી કૌટુમ્બિક આર્થિક પરિસ્થિતિ પણ વિષમ હતી. એટલે આત્મિક સાધનામાં અવરોધક ન બને એવી કોઈ પ્રવૃત્તિ વડે આર્થિક ઉપાર્જન થઈ શકતું હોય તો કરવું, એવો એમનો વિચાર હતો.

તેઓ ૧૯૪૧ નું આખું વર્ષ વડોદરામાં હતા, પરંતુ અમારા વચ્ચેનો પ્રેમનો સંબંધ તૂટયો ન હતો. અમે એમને પત્રો લખતા ને એ રીતે અમારો સંપર્ક બની રહ્યો. મારો અભ્યાસ ચાલુ હતો અને હવે હું બી. એ. ના પ્રથમ વર્ષ એટલે Junior B. A. માં હતો. મારા કુટુમ્બની પણ આર્થિક પરિસ્થિતિ સામાન્ય હતી એટલે મારે પણ મારો અભ્યાસ આગળ વધારવા માટે ધાર્મિક ટ્રસ્ટોની આર્થિક સહાય અને ટયુશન પર આધાર રાખવો પડતો. એથી મને અભ્યાસ કરવાનો ખાસ સમય રહેતો નહિ. તેમ જ કોલેજના મોંઘાં બધાં પુસ્તકો ખરીદી શકતો નહિ. એટલે મારે પરિચિત મિત્રોનાં પુસ્તકોની મદદ શોધતા રહેવું પડતું.

અમારી વચ્ચે થતા પત્રવ્યવહારમાં હું શ્રી યોગેશ્વરજીને મારે ઘરે–ગામડામાં આવવા માટે અવારનવાર લખતો, કારણ કે દર વેકેશનમાં હું મારે ગામ બ્રહ્મપુરી (તા. ઈડર, જિ. સાબરકાંઠા) જતો. ૧૯૪૨ના મે મહિનામાં હું મારે ગામ હતો ત્યારે મારા આશ્ચર્ય વચ્ચે શ્રી યોગેશ્વરજી એમની ફોઈના દીકરા શ્રી વસંતભાઈ સાથે મારે ગામ



વહેલી સવારે આવી ચઢયા. એમને વહેલી સવારે આવેલા જોઈ મને સાનંદ આશ્ચર્ય એટલા માટે થયું કે વડોદરાથી આવવા માટે અત્યારની કોઈ ગાડી ન હતી. પૂછતાં તેમણે જણાવ્યું કે "અમે ગઈકાલની રાતની ગાડીમાં ઈડર ઉતરેલા પછી ગાડીના પાટે પાટે પગે ચાલતા બડોલીના રસ્તાના ફાટક સુધી આવ્યા, ને ત્યાંથી અંધારામાં ચાલતા છેક નારણેશ્વર મહાદેવ સુધી આવ્યા. પરંતુ અંધારું વિશેષ હતું ને રસ્તો અજાણ્યો હતો એટલે ત્યાં મહાદેવમાં બાવાજીની પાસે રાત રોકાયા. વહેલી સવારે ઊઠી સ્નાન કરી ચાલવા માંડયા એટલે ત્રણેક ગાઉનો પથ પગે ચાલી કાપી કાઢયો."

મેં પૂછયું, "ઈડરથી ગાડીને પાટે ચાલતાં ડુંગરો આવે છે ને ત્યાં વાઘો ભય રહે છે. તમને શું ભય ન લાગ્યો !" એમણે કહ્યું, "ભય કેવો ? વળી વાઘનું આપણે શું બગાડયું કે આપણને પજવે. અંધારામાં જ્યાં સુધી રસ્તો સૂઝયો ત્યાં સુધી આવી ગયા. અંધારામાં મને સાપ, વાઘ કે ભૂતપ્રેતની કદી બીક નથી લાગતી."

એમની આવી અભયવૃત્તિ જોઈ, ઘરનાં અમો સર્વેને આશ્ચર્ય થયું, કારણ કે આ માર્ગે બે મોટાં સ્મશાન આવતાં અને તે વખતે નદી કિનારે પાણી પીવા માટે થોડું અંધારું થતાં હિંસક પશુઓ આસપાસના ડુંગરમાંથી ઉતરી આવતાં. આથી ઘણીવાર રજવાડાના ઠાકોરો અહીં શિકાર કરવા આવતા એ અમે જોયેલું.

શ્રી યોગેશ્વરજીના નિરભીક સ્વભાવની મને જાણ હતી. પરંતુ અહીં ભૂત–પ્રેત કરતાં હિંસક પશુઓનો ડર વિશેષ હતો.

ગામડાનું મારું ઘર પ્રમાણમાં ઘણું મોટું હતું ને મારાં માતાજી પણ અભ્યાગતવત્સલ ને પ્રેમાળ હતાં. તેઓ તેમને ઓળખતાં એટલે એમને આનંદપૂર્વક આવકાર્યા.

અહીં ગામડામાં અમારો નિત્યક્રમ કંઇક આવો હતો. વહેલી સવારે સૂર્યોદય પહેલાં ઊઠી, કપડાં વગેરે લઇ અમે ગામ પાસેની નદી ઉપર જતા. ત્યાંજ શૌચ, દાતણ અને સ્નાનવિધિ પતાવતા. પછી ત્યાંની રેતીમાં કસરત કરી, ધ્યાન વગેરે માટે ઘાસવાળી જમીન ઉપર બેસી જતા. ધોયેલાં કપડાં ખુલ્લા આકાશ નીચે ઝડપથી સૂકાઇ જતાં. તે લઇ અમે નવેક વાગે ઘરે પાછા આવતા.

ઓરફ્નેઝના નિવાસ દરમ્યાન ચા કે કોફી મળતી નહિ એટલે તેઓને એવું કોઇ વ્યસન ન હતું. તે વખતે અમારા ઘરમાં ગાય હતી. તેનું દૂધ અમારાં માતાજી આપતાં તે અમે સાથે પીતા.

ભોજન પછી અમે થોડો આરામ કરી ખુલ્લાં ખેતરોમાં નીકળી પડતા. ને કોઇક કૂવા ઉપર જ્યાં કોસ ફરતા હોય ત્યાં ઝાડ નીચે બેસી અમે વાતોમાં ગૂંથાઇ જતા. તે વખતે હજી ઓઇલ એન્જીનનો ઉપયોગ પાણી કાઢવા માટે ન થતો. એટલે પ્રત્યેક કૂવા ઉપર કોસ ફરતા કારણ કે ઉનાળામાં મકાઇની ખેતી અમારા તરફ વિશેષ થતી.

ખેતરો ખૂંદતા અમે ગામની આસપાસનાં ધાર્મિક સ્થાનોની મુલાકાતે જતા. ગૌઝરણેશ્વર મહાદેવનું સરસ મજાનું સ્થાન મારા ગામથી બે કિલોમીટરના અંતરે હતું, તેની પાસે નાની નદી વહેતી અને આસપાસ હજારો સીતાફળીનાં વૃક્ષોનું વન હતું. આ સ્થાનમાં રહેતા સાધુપુરુષે પરિશ્રમ કરીને આ સીતાફળીઓ ઉછેરેલી. મને અને યોગેશ્વરજીને અહીં આવી નદીમાં પગ ઝબોળી બેસી વાતો કરવાનું ખૂબ ગમતું. એટલે અમે અહીં વિશેષ આવતા.

શ્રી યોગેશ્વરજીનો એ નિત્યક્રમ હતો કે સાંજ થતાં તેઓ એકલા બેસી ધ્યાન ને પ્રાર્થના કરતા; જેમાં એકાદ કલાક વીતી જતો.



સાંજે ઘરે આવ્યા બાદ વાળુ કરી અમે ઘરનાં બધાં એમની આસપાસ ગોઠવાઇ જઇ, એમના મુખે આશ્રમ ભજનાવલિનાં કેટલાંક ભજનો, કે એમનાં સ્વરચિત ગીતો સાંભળતાં. કદીક એઓ ધાર્મિક કથા પ્રસંગ પણ કહી સંભળાવતા.

એમના રોકાણ દરમ્યાન અમે અમારા વિસ્તારમાં જાણીતા અને વિજયનગરનાં જંગલોમાં આવેલા પ્રખ્યાત વીરેશ્વર મહાદેવનાં દર્શને જવાનું ગોઠવ્યું. આ સ્થળ અમારા ગામથી દસેક ગાઉ દૂર હતું. મારાં પત્ની ઉપરાંત, પરિવારનાં બધાં મળી છ સાત માણસો હતાં એટલે અમે ગાડામાં જવાનું ગોઠવેલું.

શ્રી યોગેશ્વરજી તે વખતે પગમાં જોડા કે ચંપલ પહેરતા નહિ અને ઉનાળામાં દિવસ ચઢતાં ખુલ્લા પગે ચાલવું મુશ્કેલ બને, એટલે અમે વહેલી સવારે નીકળવાનું ઠરાવ્યું. વળી તેઓ ગાડામાં બેસતા નહિ, કારણ કે પોતાનો ભાર કોઇ પશુને ખેંચવો પડે, એ એમને ગમતું નહિ. વૃક્ષોની ગીચ ઝાડીમાં આવેલાં આ નૈસર્ગિક સ્થાને અમે નવેક વાગે પહોંચ્યા. ત્યાં સ્નાન કરી, મહાદેવની પૂજા કરી. તેઓએ સરસ મજાનાં શંકરાચાર્યનાં શિવસ્તોત્ર તથા માનસપૂજા સંભળાવ્યાં. એમના સુરીલા કંઠમાં સંસ્કૃતભાષાનાં સ્તોત્રોની મધુરતા ઓર વધી જતી. આ સ્થાનમાં ડુંગરના ઉપરના ભાગમાં એક પ્રચંડ ઉંબરાના વૃક્ષમાંથી પાણીની ધારા વહે છે, જે શિવલીંગ ઉપર પડીને તળેટીના હોઝમાં ઠલવાય છે, જ્યાં પશુઓ પાણી પીએ છે. લોકો સ્નાન પણ કરે છે.

આ પ્રવાસમાં તેઓની સાચા સાધુસંતને ઓળખી લેવાની શક્તિનો મને પરિચય મળ્યો. તેઓ પગે ચાલતા એટલે હું પણ ઘણું ખરું તેમના સાથે પગે ચાલતો. તેમાં મારા બે અર્થ સરતા કે એમનું

મને સાન્નિધ્ય મળતું અને એમની અંગત વાતો બે જણ એકલા પડતાં સાંભળવા મળતી.

ચારેક વાગ્યાના સુમારે અમે પાછા ફરવા પ્રસ્થાન કર્યું તો ડુંગરની તળેટીમાં એક મોટા વૃક્ષના થડને અઢેલીને એક સાધુ બેઠેલા. તેમણે માત્ર લંગોટ જ પહેરેલી. શરીરે આછી ભસ્મ હતી ને માથે મોટી જટા. બાજુમાં ભોંય ઉપર કમંડળ પહેલું. તેઓ ચલમ પી. રહેલા. કોણ જાણે કેમ યોગેશ્વરજી તેની પાસે ગયા. એટલે હું પણ ગયો. તેઓ તેની સામે નીચે જમીન પર બેસી ગયા ને હું બાજુમાં ઊભો રહ્યો.

થોડીવારે પેલા સાધુએ ચલમ મોઢા આગળથી ખસેડી જમીન ઉપર ઢાલવીને તેઓની સામે જોયું. બંનેની દૃષ્ટિ પરસ્પર મળી. બંને મૌન જ બેસી રહ્યા એકબીજાની સામે જોતા. મને થોડી ચટપટી થવા માંડી, કારણ અમારું ગાડું ચાલી નીકળેલું ને અમારી વચ્ચે ઝાઝુ છેટું ન પડી જાય, એની મને ચિન્તા હતી.

બેત્રણ વાર ઈસારત કર્યા પછી શ્રી યોગેશ્વરજી ઊભા થયા ને થોડો વખત મૌન ચાલવા લાગ્યા. પછી મને કહે, 'આપણે એ સાધુનો વધુ લાભ લીધો હોત તો સારું. મને લાગ્યું કે એ કોઇ સમાધિસિદ્ધ ઉચ્ચકોટિના સંત છે.

મેં પૂછયું, "આપને શી રીતે જાણ થઇ કે એ આવા ઉચ્ચકોટિના સંત છે?"

એમણે જવાબ આપતાં કહ્યું, "એની અતિ તેજસ્વી આંખો, નાકની ટોચ અને આંખનાં અર્ધ બીડાયેલાં રહેતાં પોપચાં, તેમ જ એમની સ્થિર દૃષ્ટિ–એમની આવી ઉચ્ચસ્થિતિનાં સૂચક છે. ક્યાં રહેતા હશે એ? મસ્ત ફરતા રામ લાગ્યા."



આ સાંભળી મને પશ્ચાતાપ થયો. પરંતુ હું લાચાર હતો કારણ કે અમારું ગાડુ આગળ નીકળી ગયું હતું.

મને થયું બાહ્યવેષ ઉપરથી કોઇ સંતને શી રીતે ઓળખી શકાય? સંતને ઓળખવા માટે સંત બનવું પડે, જરૂરી યોગ્યતા પ્રાપ્ત કરવી પડે. તે સિવાય તો અતિ સામાન્ય લાગતી વ્યક્તિના ભીતરમાં છુપાઇ રહેલી ઉચ્ચ ચેતનાને ઓળખવાનું શી રીતે શક્ય બને?

શ્રી યોગેશ્વરજી સતત એ મહાપુરુષને યાદ કરતા રહ્યા. અમે ઘરે પહોંચ્યા તો ઘણું અંધારું થઇ ગયું હતું ને અંધારામાં ચાલતાં તેઓના પગમાં આઠદસ કાંટા પેસી ગયા હતા.

બીજા દિવસે સવારે એમના પગમાંથી કાંટા કાઢતાં લાગ્યું કે આવી શારીરિક પીડાઓ એમના મનને ખાસ વ્યથિત નથી કરતી. મારાં માતાજીએ એ કાંટા કાઢી આપ્યા.

એકાદ અઠવાડીયાનો અમારો આ સહવાસ, પૂ.શ્રી યોગેશ્વરજીના જીવનને ખૂબ નજીકથી જોવા અને જાણવાનો પ્રથમ અવસર હતો. ઈશ્વર માટેની એમની લગન, તપ અને તિતિક્ષા માટેની માનસિક તૈયારી, ઓછી નિદ્રા, ને આંવશ્યકતા પૂરતું ભોજન–વગેરે મને પ્રત્યક્ષ જોવા મળ્યાં. મારાં પત્ની પણ પહેલી જ વાર એમના નિકટના પરિચયમાં આવ્યાં, છતાં એમના પ્રત્યે એમને ભારે પૂજ્યભાવ પેદા થઇ ગયો. તે વખતે એમની ઉમ્મર માત્ર પંદર વર્ષની જ હતી; જાણે પૂર્વજન્મના કોઇ સંસ્કારોને લીધે જ આમ બન્યું હશે એમ મને લાગ્યું.

(ક્રમશઃ)

## શ્રી શારદાબેન

### [પૂ. માના જન્મદિનનો સંદેશો]

જગત જનની જગદંબા સ્વરૂપ પૂ. મા, જુગ જુગ જીવો અને ભૂલે ભટકતા પામર જીવોનો ઉદ્ધાર કરો એવી ૧૩ નવેમ્બર, ના શુભદિને અંતરથી પ્રભુને પ્રાર્થના.

કરુણાની મૂર્તિ અને પ્રેમની સરિતા સમી મા! તું કેટલી ઉદાર છે, કેટલાયે ભક્ત જનોને, ક્યાં ક્યાંથી ભેગા કરીને, સૌના ઉપર પ્રેમની વર્ષા વરસાવી રહી છે. કેટલાયે જીવોને કાદવમાંથી બહાર કાઢી, ગંગા સ્નાન કરાવી પાવન બનાવી દેશે ખરૂંને? મા.

ગુરુ પિતા, ગુરુ માતા મા! તું સાર્થક કરી રહી છે. ખરેખર મા! માતા પિતાનો પ્રેમ પણ તુંજ આપી શકે છે. તારા વિના એ પ્રેમ કોઈ આપી શકે એમ નથી અમારા જેવા અભાગી અને પામર જીવને પણ મા! જન્મો જન્મ તમારા ચરણોમાં જ રાખશો, એવા દૃઢ વિશ્વાસ સાથે,

દૂર દૂરથી પૂ. મા અને મહાત્માજીના ચરણોમાં.

શારદાબેન અને રમેશભાઈના
કોટી કોટી પ્રણામ.
(પૂ. માનાં મોટાં બેન તથા બનેવી)



### વડોદરાના આંગણે પૂ.મા શ્રી સર્વેશ્વરીનો

## ૪૭ મો જન્મોત્સવ

તંત્રી

૧૩, નવેમ્બરનો મંગલ દિવસ. મંગલ એટલા માટે કે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી જેવાં એક પરમ તપસ્વિની સંતના પ્રાકટ્યનો એ દિવસ છે.

વડોદરાના અલકાપુરી વિસ્તારના અરૂણોદય હોલમાં આજે પ. પૂ. ગુરુ યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીના ભક્તો ભેગા મળ્યા છે. આજે હોલનું સ્વરૂપ અવનવું લાગે છે. સામેની દિવાલ સુંદર પુષ્પોના હારોથી શોભી રહી છે, જ્યારે પૂ. મા–પ્રભુની બેઠક એક હીંચકા ઉપર રાખવામાં આવી છે–અને આખા હીંચકાને–છત સહિત ભિન્ન ભિન્ન રંગબેરંગી પુષ્પોના સાથિયાઓ પૂરી–પરિશ્રમપૂર્વક સજાવવામાં આવ્યો છે. એનું દર્શન જ ખૂબ મનોરમ ને અનુપમ છે. સમગ્ર હોલ ખીચોખીચ સાધક ભાઈબહેનોથી ભરાયેલો છે. પૂ.માના આજના જન્મોત્સવમાં ગુજરાતભરના જ નહિ, મુંબઈના જ નહિ, પરંતુ દૂર સુદૂર,–અમેરિકા, કેનેડા, ઇંગ્લેન્ડ જેવા વિદેશોના સાડત્રીસ જેટલાં સાધક ભાઈબહેનો પણ ભાગ લેવા આવ્યાં છે. કેવાં અનુપમ છે એમનાં શ્રદ્ધાભક્તિ! પૂ. મા પધારતાં પુષ્પહારથી સ્વાગત કરે છે વયોવૃદ્ધ સાધક શ્રી મૂળશંકરભાઈ જાની.

આજના મંગલ ઉત્સવનો પ્રારંભ શ્રી જીતુભાઈ ગાંધીના પુત્ર ભરતના હાથે દીપ પ્રકટાવી કરાવવામાં આવે છે, જે પૂ. માના મસ્તકે ફૂલોનો એક સરસ મુકુટ પણ પહેરાવે છે. હીંચકે મંદ મંદ ઝૂલતાં પૂ.

માનું શ્વેત રેશમી વસ્ત્રોમાં અત્યારનું સ્વરૂપ સ્વર્ગમાંથી અવતરિત થયેલ કોઈ દેવી જેવું અલૌકિક અને દિવ્ય ભાસે છે. સર્વે સાધક ભાઈબહેનો એનું દર્શન કરતાં મંત્રમુગ્ધ ને પાવન બન્યાં છે.

વડોદરાના સાધકો વતી શ્રી વિજયસિંહ રાણા આજના પ્રસંગે ઉપસ્થિત સર્વે સાધકોનું સ્વાગત કરતાં જણાવે છે કે પૂ. માનો પ્રાકટ્ય દિન આપણા સહુ માટે મોટામાં મોટા ઉત્સવ સમાન છે.

પૂ. મા–પ્રભુના પ્રેમીભક્ત શ્રી ઈશ્વરભાઈ (પરમાર્થી) એ આ પ્રસંગને અનુરૂપ બે સરસ ગીતોની ખાસ રચના કરી છે. એમને સંગીતબદ્ધ કર્યાં છે શ્રી સુશીલાબેન ભક્ત–પૂ. માનાં મોટાં બહેને. શ્રી ઈશ્વરભાઈ પ્રથમ કાવ્ય રચનાને સમજાવે છે પછી એની રજુઆત કરે છે હાથોમાં દીપ સહિત પંદર જેટલી કન્યાઓ. ગીતના શબ્દો છે "તમારી જાશે લાજ." ઘડીભર માટે સરસ સંગીતમય સૃષ્ટિ ખડી થઈ જાય છે આ ગીતના ગુંજનથી. પછી પૂ. ગુરુદેવ તેમ જ પૂ. માનું પૂજન કરે છે ત્રણ બાળકો આનંદ, જીજ્ઞેશ અને આશીષ. શ્રી વિજયભાઈ પંડિત શાસ્ત્રોક્તવિધિથી આ પૂજન કરાવે છે.

પૂ. માના જન્મદિન નિમિત્તે ૩૫ જેટલા વિદેશના સંદેશાઓ, ખાસ કરી નાના બાળકો અને યુવાનોના–તેમ જ ભારતના આવ્યા છે, જેનું વાંચન ને રજુઆત સરસ રીતે હરિભાઈ ભોજાણી કરે છે. (અગત્યના સંદેશાઓ આ અકમાં ટૂંકમાં અન્યત્ર સમાવ્યા છે)

આજના દિને વિવિધ વક્તાઓમાં પૂ. મા વિષે પોતાની લાગણી અને ભાવના વ્યક્ત કરે છે, શ્રી ગુલાબબેન ભક્ત (મેમ્ફીસ–અમેરિકા). તેઓ પૂ. માના પરિવારનાં વડીલ સભ્ય છે પરંતુ પૂ. મામાં અનન્ય શ્રદ્ધાભક્તિ ધરાવે છે. તેઓ કહે છેઃ–પૂ. માના પ્રાકટ્યથી કપૂરાની ધરતી અને અમારો પરિવાર ધન્ય બન્યાં છે. પૂ.



માએ વિદેશોમાં ભારતીયોના જીવનમાં–ખાસ કરી બાળકો ને યુવાનોમાં–શુદ્ધિ ને વ્યસનમુક્તિ લાવવાનું, પ્રભુમાં શ્રદ્ધા પ્રકટાવવાનું જે ભગીરથ કામ કર્યું છે તેનો ખ્યાલ નજરે જોયા વિના ન આવી શકે. તો શ્રી ગોરધનભાઈ કલોલાએ જણાવ્યું અહીં મેં આજે એક ભાવસમુદ્ર લહેરાતો અનુભવ્યો. પૂ. મા જ્યાં છે ત્યાં સર્વ કંઈ છે. આ જીવ ઉપર પૂ. માએ ઘણી કૃપા કરી છે. હજારો વર્ષો સુધી શાસ્ત્રો વાંચ્યાં કે વિચાર્યાં હોત તો પણ જે પૂ. માના દર્શને અને સાન્નિધ્યે મળ્યું છે, તે પ્રાપ્ત ન થયું હોત.

પૂ. માના બટુક ભક્ત શ્રી જીજ્ઞેશે કહ્યું પ્રભુપંથે સહુને વાળવા જ પૂ. મા જન્મ્યાં છે. તેઓમાં સર્વ દેવો સમાઈ જાય છે. પૂ. મા જગદંબા પોતે જ છે. આપણે માટે તેઓ કષ્ટ વેઠી આ પૃથ્વી પર અવતર્યાં છે, તો આપણે તેમનો લાભ લેવો જોઈએ.

જાણીતા નવલ કથાકાર શ્રી વિઠ્ઠલ પંડ્યાએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે આજે આપણે સહુ પૂ. માના અંકે બેઠા છીએ. તેઓ પ્રેમ આપી આધ્યાત્મિક માર્ગે આગળ વધારી રહ્યાં છે. લેખક તરીકેના મારા અહંને લીધે હું પૂ. ગુરુદેવને તેઓના યથાર્થ સ્વરૂપમાં ન ઓળખી શક્યો, તેનું મને દુઃખ છે.

પ્રાધ્યાપિકા શ્રી કુન્દનબેન રાણાએ કહ્યું કે આજનું દર્શન વિરલ છે. પૂ. માની જન્મભૂમિ ને માતાપિતા પણ ધન્ય છે. તેઓ તેમના ઉપર આશીર્વાદ વરસાવતાં હશે. તેઓએ ગુરુભક્તિને પોતાનો જીવનમંત્ર બનાવ્યો છે. તેઓની સાધનાનું અતૂટ સાધન શ્રદ્ધા છે.

પૂ. માનાં મોટાં બેન શ્રી સુશીલાબેને જણાવ્યું કે બાળપણમાં પૂ. મા ખૂબ જીદ્દી હતાં. હઠ તો એમની જ. એમણે એમના એ

સ્વભાવગત ગુણોને પ્રભુપંથે વાળી તપશ્ચર્યા પણ લજ્જિત બને એવું ભારે તપ આદર્યું છે. એમના વ્યક્તિત્વમાં ભવ્યતા ને દિવ્યતાનાં દર્શન તો અમને પછી થયાં. પૂ. મહાત્માજી તરફ તેઓ આકર્ષાયાં તેનું કારણ તેમની સાદાઇ ને સરળતા. પૂ. મા પણ નાનપણથી જ ખાદી પહેરતાં.

આજે કેનેડાથી આવેલ સાધક શ્રી જયંતીભાઇ પટેલનો પણ જન્મદિન છે. ભારતના સાધક ભાઇઓ વતી જન્મદિનની શુભેચ્છા વ્યક્ત કરતો પુષ્પગુચ્છ પૂ. મા તેમને આપે છે અને પછી કહે છે 'પૂ. મા પરદેશ શું કામ જાય છે તેની વાત કરો.'

પ્રત્યુત્તરમાં શ્રી જયંતીભાઇ પટેલે કહ્યું કે પૂ. માના પરિચયમાં આવ્યા પછી અમારા જીવનમાં મોટું પરિવર્તન આવ્યું છે. પૂ. માની વિશેષતા એ છે કે સહુ તેમને પોતાની "મા જ" માને છે. અમારા જીવનમાં સદ્‌ગુણો ને સદ્‌વિચારોનું આરોપણ પૂ. માની કૃપાથી જ થયું છે.

નારાયણભાઇ જાનીએ કહ્યું, આજે અમારા જેવા વૃદ્ધ દીકરાઓ પૂ. માને માટે શું શુભકામનાઓ વ્યક્ત કરે? ઇચ્છીએ કે છેલ્લા પોણા સાત વર્ષોથી ચાલતો એમનો ઉપવાસોનો સાધનાયજ્ઞ પ્રભુ જલ્દી પરિપૂર્ણ કરે અને પૂ. મા આ દેશ અને દુનિયાના દુઃખી લોકોને આત્મિક શાન્તિનું પ્રદાન કરી તેમને પ્રભુપંથે વાળે. એક સંતનું પ્રાકટ્ય સમગ્ર સૃષ્ટિના જીવો માટે મંગલકારી હોય છે, કારણ કે તેઓ વાત્સલ્યમૂર્તિ હોય છે.

પૂ. માની સાધનાત્મક અવસ્થાનાં સાક્ષી શ્રી આશા ભક્તે વળી ગાયું કે "અમારા જીવનમાં આવ્યાં છો જ્યારથી તમે, સુગંધનો એક દરિયો વહ્યો છે ત્યારથી." તેમ જ "આપના પ્રેમસભર સાન્નિધ્યે



અમારા જીવનનું માયાનું વિષ ઉતાર્યું છે." પૂ. મા કેટલો અલ્પ આહાર લેતાં તેના રમુજી પ્રસંગો પણ તેમણે કહ્યા.

પૂ. મા આજે તેમના જન્મદિને સૌ પ્રથમ પોતાના પૂર્વાશ્રમના વડીલ બંધુ શ્રી વામનભાઇ, બેન સુશીલાબેન અને બનેવી શ્રી મોહનલાલ વગેરેને વંદન કરે છે. તેઓની આ ચેષ્ટાથી આ સર્વ વડીલો ભાવવિભોર બની જાય છે. પોતાના આચરણથી તેઓ સાધકોને સૂચવે છે—કે તમારા જન્મદિવસે તમે પણ વડીલોના આશીષ લેવા આમ વંદન કરજો.

પૂ. માએ આવો સુંદર સજાવેલ હીંચકો જોઇ પ્રસન્નતા વ્યક્ત કરી, પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતાં કહ્યું "આ તો લગ્નના રીસેપ્શનનો હીંચકો હોય એવું અમને પ્રથમ દર્શને લાગ્યું. અમારું જીવન પણ જીવ અને શિવના મિલનના લગ્ન સમાન જ છેને!" પોતાની નમ્રતા વ્યક્ત કરતાં ગાયું:—"હું તો રમકડું રે, યોગેશ્વર નાથનું." કપૂરાની ધૂળે રજોટાયેલા આ ફૂલને પ્રભુના દ્વાર સુધી પહોંચાડવાનું મહાન કાર્ય ગુરુ શ્રી યોગેશ્વરજીએ કર્યું. પરંતુ તે પહેલાં મા ભગવતીના ખોળામાં કુદકો મારવાનું—કપૂરા છોડવાનું હિમ્મતભર્યું પગલું અમે ભર્યું તો પૂ. ગુરુદેવનું સાન્નિધ્ય પામ્યાં. ને સાધના પંથે આગળ વધી શક્યાં.

ગુરુની કૃપા પામવા ભૂમિકા બનાવવી પડે કે પાત્રતા કેળવવી પડે. તે પ્રાપ્ત થતાં પ્રભુ યોગ્ય ગુરુને મેળવી આપે છે. હરિરસની ખુમારીમાંથી સાંસારિક વ્યવહારમાં ઉતરી આવવાનું મન જ ન થાય. તે માટે પરાણે પ્રયાસ કરવો પડે. અમારા જીવનના પ્રત્યેક શ્વાસ—પ્રશ્વાસમાં પૂ. ગુરુદેવ એકાકાર થઇ ગયા છે, પછી એમને અલગ શી રીતે પાડી શકાય?

અન્તમાં તેઓએ કહ્યું, "પૂ. શ્રી યોગેશ્વરજી પણ અમને 'મા'નું સંબોધન કરતા; એટલું જ નહિ પરંતુ અમારું ષોડશોપચાર વિધિથી પૂજન પણ કરેલું. તમારા ગુરુના આ વ્યવહારમાં તમોને યથાર્થતા લાગતી હોય, તો તમે અમારા પ્રત્યે શ્રદ્ધાભક્તિ રાખો. તમારા ગુરુએ સર્જેલ મોટામાં મોટો ચમત્કાર જોવો હોય તો અમારું જીવન જોઈ લો. સાચી વાત એ છે કે એ મહાપુરુષે તો આપણી આંગળિયો પકડેલી છે. ફક્ત ખામી આપણામાં છે. સાધનાપંથે આગળ વધવાનું મનોબળ કેળવો તો ગુરુ તમને અવશ્ય મદદ કરશે જ. એ માટે અમારું જીવન યાદ રાખજો."

શ્રી નારાયણભાઈ જાનીએ સર્વે સાધકો વતી શ્રી જીતુભાઈ ગાંધીના પરિવારનો તેમ જ વડોદરાના અન્ય સાધકોનો આભાર માન્યો હતો. એ પરિવારે પૂ. મા તેમ જ પૂ. ગુરુદેવની કરેલી સેવાઓ ચિરસ્મરણીય બની રહેશે, એમ જણાવ્યું હતું.

શ્રી હરિભાઈ ભોજાણીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સફળ રીતે કર્યું હતું, જ્યારે શ્રી વિજયસિંહ રાણાએ આભારવિધિ કરી હતી.

પૂ. માના જન્મોત્સવનો તેમ જ સર્વે ઉપસ્થિત સાધકોને જમાડવાનો સમગ્ર ખર્ચ શ્રી જીતુભાઈ ગાંધીના પરિવારવતી શ્રી ભરતભાઈ ગાંધીએ ઉપાડી, સહુ સાધકોના અભિનંદનના અધિકારી બન્યા હતા.

રામાયણ પારાયણ અને જન્મોત્સવના આ કાર્યમાં શ્રી ભરતની સેવા રામાયણના ભરતની સેવાની યાદ અપાવી જાય એવી અદ્‌ભુત રહી. હાલ દૂર અમેરિકા રહેલાં એમનાં માતાપિતા પણ એથી પ્રસન્નતા અવશ્ય અનુભવશે.



# ભગવાન શ્રીકૃષ્ણ યોગેશ્વર શા માટે?

શ્રી જનાર્દનભાઈ દવે

(નવેમ્બર '૯૦ ના અંકના અનુસંધાનમાં)

મહાભારતના શ્રીકૃષ્ણ કેવી રીતે યોગેશ્વર છે, એમનો કારુણ્ય યોગ કેવો છે તેની વાત કરીએ. મહાભારતનું યુદ્ધ થવાની તૈયારી છે, વ્યુહો બરાબર ગોઠવાઈ ગયા છે. બીજા દિવસની ઉષાના ઉદયથી યુદ્ધ શરૂ થવાનું છે. ત્યારે સાયંકાળે શ્રીકૃષ્ણ વ્યગ્ર થઈને એકલા યુદ્ધમેદાન પર ફરતા હતા. ભગવાન જોતા હતા કે ત્યાં એક ટીટોડી ટળવળતી હતી, વિલાપ કરતી હતી. જોયું તો ટીટોડીના ઈંડાં હતાં. હવે એ ઈંડાં ફેરવવાનો સમય ન હતો, કારણ કે ઈંડાંને કોઈ અત્યારે અડે તો તે સેવે નહીં. શ્રીકૃષ્ણે વિચાર કરી હાથીના ગળામાં જે ઘંટ હતો તે ઈંડાંપર મૂકી દીધો, અને ટીટોડીને પોતાના હાથપર મૂકી કહ્યું કે "તું ભાગીજા અહીંથી, અહીં રહીશ તો મરી જઈશ, આ બચ્ચાઓને બચાવવાની જવાબદારી મારી." જા ભાગ અહીંથી, એમની વાત ટીટોડી સમજી ગઈ હોઈ તેમ ઉડી ગઈ. અઢાર દિવસ હાથીઓ દોડયા, રથો દોડયા, ધમાસાણ યુદ્ધ થયું. બરાબર અઢાર દિવસ પછી યુદ્ધ પૂરું થયું, અર્જુન, ભીમને લઈને શ્રીકૃષ્ણ યુદ્ધ મેદાનપર ગયા. પાંડવો એમ માનતા હતા કે આ યુદ્ધ અમે અમારા બળથી જીત્યું છે. ભગવાન અર્જુન ભીમને પેલા ટોકરાપાસે લઈ આવી કહ્યું, અર્જુન આ ટોકરો જરા ઉપાડી જો, ત્યારે અર્જુન કહે કે આવા તો કેટલાય ટોકરા યુદ્ધભૂમિ પર આડા ઉભા પડયા છે. તેમ છતાં ભગવાનના આગ્રહથી અર્જુને ટોકરો ઉપાડયો તો અંદરથી

સાત બચ્ચાં જીવતા નીકળ્યાં. અઢાર દિવસના મહાભયાનક સંગ્રામ વચ્ચે એક ટોકરો એક જગ્યાએ કેવી રીતે સલામત રહ્યો? પણ તે બરાબર સચવાયો, ઈંડાં સેવાયાં, પોષાયાં અને બચ્ચાંનું રક્ષણ થયું. ભીષ્મ બાણશૈયાપર પોઢયા, કર્ણ, દ્રોણ અને દુર્યોધન હણાયા. પણ ટીટોડીના બચ્ચાં સલામત જીવતા રહ્યાં, કોણે સાચવી રાખ્યાં? શ્રીકૃષ્ણના યોગેશ્વર બળથી તે સચવાયેલાં રહ્યાં, આ કારુણ્ય છે ભગવાનનું!

એવી રીતે ગુરુજનો અવતાર લેતાં હોય છે ત્યારે તેમનામાં વિભૂતિરૂપે ભગવાનનો આજ કારુણ્યયોગ હોય છે. તેમના રૂપમાં તારવા માટે આવેલી યોગેશ્વર શક્તિ હોય છે. નહીંતર આપણે અપરાધો ઓછા કરીએ છીએ? શિષ્યો તરીકે, સાધકો તરીકે આપણને આજ્ઞા કરી હોય તો પાળી ન હોય, ક્યારેક શ્રદ્ધા હોય તો વળી ક્યારેક અશ્રદ્ધા, અને આશંકાથી દલીલો કરતા હોઈએ, ગમે તેમ બોલીએ પણ ખરા. સર્વેશ્વરી મા શરૂઆતના દિવસો ગુરુજી સાથે રહેતાં હતાં ત્યારે ઘણાં અણસમજુ સાધકો એમ કહેતા કે આ માને સાથે રાખવાની શું જરૂર? યોગેશ્વરજી એકલા બરાબર હતા, આ બધું શું છે? એ સમજી શકતાં નહીં.

પરમાત્માના અવતારની લીલા એ માનુષી લીલા નથી હોતી, એ દિવ્યલીલા હોય છે. એમાં આપણા કલ્યાણની વાત સમાયેલી હોય છે. ગુરુપૂર્ણિમાએ મેં એમ કહ્યું હતું કે પરમ કૃપાનિધાન ગુરુદેવ એમ વિચારતા હતા કે હું નહીં હોઉં ત્યારે આ લોકો શેના આધારે જીવશે? તેઓ પોતાના સમર્થ ઉત્તરાધિકારી મૂકતા જતા હોય છે, તેમાં તેમની બધી જ શક્તિઓ સ્થાપિત કરેલી હોય છે એ આપણાં સર્વેશ્વરી મા છે, ગુરુદેવે એમાં શક્તિઓ નથી સ્થાપી, પણ એમણે



જગદંબાને વાત કરી હશે કે હું તો પળેપળે આપની સાથે વાત કરું છું, આપને પૂછીને નિર્ણયો કરું છું પણ આ પૃથ્વીપર હું નહીં હોઉં ત્યારે મારા બધા બાળકો, શરણાગતો, શિષ્ય શું કરશે? મને એ પૂછી શકવાના નથી તો મારી સાથે આપનું જે અદૃશ્ય સ્વરૂપ હમેશાં સાથે રહે છે, તેમ આપનું એક દૃશ્યમાન સ્વરૂપ પણ આ પૃથ્વીપર રહેવું જોઈએ એમ પ્રાર્થના કરી, અને તે આ આપણાં સર્વેશ્વરી મા, આપણે ઘણી વખત અપરાધ કરતા હોઈશું, અવગણના કરતા હોઈશું, અશ્રદ્ધા કે આશંકા ભરી દલીલો કરતા હોઈશું પણ કારુણ્ય શક્તિથી સંપન્ન મા આ બધું ક્ષમા કરી દે છે. અત્યારની વિષમ યુદ્ધ જેવી દેશકાળની ભયંકર પરિસ્થિતિ વચ્ચે પણ આપણે સલામત છીએ કારણ કે આપણા ગુરુદેવ અને આપણા માએ આપણને પોતાનું એક કવચ પહેરાવી દીધું છે. આપણે તો ઈંડાં જેવા છીએ, હાલી ચાલી પણ શકતા નથી, કોઈ શક્તિ નથી, પણ આપણી ઉપર માએ પોતાનો યોગેશ્વર શક્તિનો ટોકરો મૂકી દીધો છે, અને મા કહે છે હવે તમારે ડરવાની જરૂર નથી. હવે ભલે ત્રીજું કે ચોથું વિશ્વયુદ્ધ થાય પણ મારું શરણ જેમણે લીધું છે, યોગેશ્વર ભગવાનના ચરણારવિંદ જેમણે સેવ્યા છે તેમને કંઈ નહીં થાય! योगक्षेमम् वहाम्यहम् યોગક્ષેમનું વહન કરીશ.

યોગ સિદ્ધ કરવા માટે ગુરુદેવ પધાર્યા માટે તેમણે યોગેશ્વર નામ રાખ્યું, પોતાની યોગેશ્વર શક્તિથી આપણી પાસે જગદંબા શક્તિ મૂકી આપી. એનું નામ પણ સર્વેશ્વરી એટલા માટે રાખ્યું આ સર્વની ઈશ્વરી, સચ્ચિદાનંદમયી મા છે. આ પૃથ્વીની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારી પરમશક્તિ છે. આ કોઈ સામાન્ય દુબળું પાતળું લૌકિક શરીર નથી. ફલાણી જગ્યાએ, ફલાણા માતાપિતાથી

ઉત્પન્ન થયેલું, એતો બધી માયા છે, સંસારમાં મારે પણ દેવકીનંદન થઈને આવવું પડયું હતું, મારે પણ ભાઈલાલભાઈ થઈને આવવું પડયું હતું. આ સર્વેશ્વરી છે તે ભૂલવાનું નથી, તેની અંદર પરમ મંગલમયી પરમ શક્તિ વિરાજે છે. જગતની ઉત્પત્તિ સ્થિતિ ને લય કરનાર એ શક્તિ તમારું પેલા ટોકરાની જેમ રક્ષણ કરવા બેઠી છે. એટલે તમારે ચિંતા કરવાની જરૂર નથી. ગુરુદેવે યોગેશ્વરપણું કેવી રીતે સિદ્ધ કર્યું તે બતાવ્યું.

છેલ્લે એક વાત આપણે એમ માનતા હોઈએ છીએ કે આપણો સંસાર આપણે ચલાવીએ છીએ, મારું ઘર હું ચલાવું છું, મારી કોલેજ અને સંસ્કૃતનું ડીપાર્ટમેન્ટ હું ચલાવું છું. હું ન હોઉં તો શું થાય? એવું આપણે માનતા હોઈએ છીએ. આનો બરાબર બોધપાઠ શીખવ્યો ભગવાન શ્રીકૃષ્ણે.

અઢારમા દિવસે યુદ્ધને અંતે રથી શ્રીકૃષ્ણ રથને શિબિરમાં લઈ આવ્યા. અત્યાર સુધી તો સાંજે યુદ્ધ પૂરું થાય એટલે ભગવાન પહેલાં ઉતરતા અને પછી અર્જુન ઉતરતો. પણ અઢારમે દિવસે દુર્યોધન હણાયો પછી રથ શિબિરમાં આવ્યો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન રથમાંથી ઉતરતા નથી. એટલે અર્જુન કહે છે, હે સખા, હે યાદવ, નીચે ઉતરો ને બારણું ઉઘાડો, ભગવાને કહ્યું કે અર્જુન ડાહ્યો થા મા, આજના શ્રીકૃષ્ણ હવે પહેલાની જેમ સારથિ નથી, તેમણે કહ્યું કે જેવો હું રથપરથી ઉતરીશ કે રથી સલામત નથી. અર્જુન આ સાંભળી ગભરાઈ ગયો, તરત જ રથપરથી ઠેકડો મારી નીચે ઉતર્યો, એ પછી જેવા શ્રીકૃષ્ણ નીચે ઉતર્યા કે હનુમાનજી મહારાજ ધજામાંથી ઉડી ગયા, એમનું કામ પૂરું થયું, એ સાથે જ અશ્વો સાથે આખો રથ અગ્નિ જ્વાળાઓમાં સળગીને રાખ થઈ ગયો. અર્જુને ગભરાઈને



પૂછ્યું કે ભગવાન આ બધું શું છે? શ્રીકૃષ્ણે કહ્યું કે હે પાર્થ! મહાભારત યુદ્ધ પહેલાં મેં મારી યોગશક્તિથી નક્કી કર્યું હતું કે યુદ્ધ અઢાર જ દિવસ ચાલવું જોઈએ, ઓગણીશ નહીં, અઢાર દિવસે પાંડવો જ વિજયી થવા જોઈએ, અઢાર દિવસ સુધી હું યોગેશ્વર બની તારા રથ ઉપર હતો એટલે તારા રથપર બ્રહ્માસ્ત્રો, નારાયણાસ્ત્ર કે પાશુપતાસ્ત્ર જેવા દિવ્યશસ્ત્રો આવ્યાં પણ રથને સળગવા દીધો નહીં. મેં નક્કી કર્યું હતું કે અઢાર દિવસ સુધી આ રથને કંઈપણ ન થાય, પણ આજે અઢાર દિવસ પૂરા થયા, યુદ્ધની અવધિ પૂરી થઈ, પાંડવોને હું સકુશળ લઈ આવ્યો, હવે આ દિવ્યશસ્ત્રોને એનું કામ કરવા દેવું જોઈએ. હું બેઠો રહ્યો હોત તો રથ સળગી શકત નહીં.

આ પ્રસંગ ઉપરથી આપણે નક્કી કરવું જોઈએ કે આપણા જીવનરથે કંસને બેસાડવો છે કે યોગેશ્વરને? કંસને સારથી તરીકે બેસાડવાનો ગેરલાભ દશમસ્કંધના પૂર્વાર્ધમાં છે. કંસે કહ્યું કે દેવકી મારી લાડકી બેન છે, માટે મારા બેન બનેવીને વળાવવા માટે હું જઈશ. કંસે જેવી લગામ, હાથમાં લીધી કે આકાશવાણી થઈ, હે મૂર્ખ કંસ! જે દેવકીને તું વિદાય કરી રહ્યો છે તેનો આઠમો ગર્ભ તને મારશે, કંસમાં કોઈ સગપણ નથી, કારુણ્ય નથી કે સ્નેહ નથી, એ તો માત્ર બોલવાનો દંભ કરતો હતો. તરત જ તલવાર લઈને નીચે ઉતર્યો અને દેવકીને મારવા ગયો પણ વસુદેવ આડા પડયા. વસુદેવે કહ્યું કે તમે આ શું કરો છો? તમે તો યદુવંશીઓમાં મહાન છો, શૂરવીર છો, અને મૃત્યુતો દરેકને નક્કી જ છે તેને અટકાવી શકાતું નથી, એ માટે તમારી બેનને મારશો? કંસે એક પણ વાત સાંભળી નહીં. તેણે કહ્યું મારે તો જીવવું છે, તારું જે થવાનું હોય તે થાય. અપયશથી હું ડરતો નથી. હું શાસન કરતો રહું એજ જોઈએ.

આ કંસ છે, અહંકાર છે. આપણા જીવનરથ પર કંસ એટલે અહંકાર બેઠો હશે તો આપણને ક્યારે હણી નાખશે તે ખબર નહી પડે મિત્રો, પરંતુ જો આપણા રથ પર યોગેશ્વર બેઠા હશે તો, મુશ્કેલી, મુંઝવણ આવશે કે છળકપટના ગમે તેવા બ્રહ્માસ્ત્રો આવશે તો પણ આપણો જીવનરથ સળગી ઉઠશે નહિ. આપણી ઇંદ્રિયોરૂપી અશ્વોની લગામ જો ભગવાનને સોંપી હશે તો કોઇ ચિંતા નથી. ભગવાન કહે છે કે જ્યાં સુધી હું યોગેશ્વર થઇને તારા જીવનરથપર બેઠો છું અને સાથે મારી સર્વેશ્વરી શક્તિ છે ત્યાં સુધી બેટા, તને કંઇ થશે નહીં. અઢાર દિવસ જ નહીં પણ અઢાર અવતાર થાય ત્યાં સુધી તારું રક્ષણ કરવા બંધાયેલો છું. ભગવાનની પ્રતિજ્ઞા શું છે? न मे भक्त प्रणश्यति। મારો ભક્ત કોઇ દિવસ નાશ પામતો નથી. અઢીહજાર વર્ષ પહેલાં જે યોગેશ્વર શક્તિ અવતરી હતી તે યોગેશ્વર શક્તિ અને વિભૂતિ આજે પણ આપણી વચ્ચે ગુરુદેવ અને પૂ. માના રૂપમાં સાક્ષાત્ છે. પણ એક જ વસ્તુ ખૂટે છે અને તે છે જીવની સંપૂર્ણ શરણાગતિ.

વિશ્વરૂપ દર્શન સુધી અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણની આ વિરાટ શક્તિના મહિમાનો ખ્યાલ ન હતો. તેથી પ્રમાદવશ થઇ ઘણી વખત શ્રીકૃષ્ણને હે યાદવ, હે સખા, એમ તુંકારે પણ બોલાવતો હતો. તેમ આપણને પણ આપણા ગુરુદેવ અને માની વિરાટ શક્તિના મહિમાની ખબર ન પણ હોય, આપણે પૃથ્વીના માનવો છીએ. એટલે પ્રમાદવશ થઇ અનેક અપરાધો કર્યા કરીએ છીએ, પરંતુ વિશ્વરૂપ દર્શન પછી જેમ અર્જુન જાગ્યો તેમ આપણે પણ ગુરુદેવ અને પૂ. માના અલૌકિક દિવ્ય પ્રસંગો નજરે નિહાળ્યા પછી જાગી જવું જોઇએ, આપણા જીવનરથની લગામ તેમને સોંપી નિશ્ચિંત બની જવું જોઇએ. વિશ્વનો વિનાશ કરનારી પ્રચંડ તાકાતમાંથી એક



યોગેશ્વરશક્તિ અને બીજી સર્વેશ્વરીશક્તિ આપણું ચોક્કસ રક્ષણ કરનાર છે. માત્ર રક્ષણ કરનાર એમ નહીં, અભય આપનાર છે એમ નહીં, આ લોક અને પરલોકમાં મૃત્યુપર્યંતની જવાબદારી તેમની છે. પરંતુ એ જવાબદારી વહન કરી શકે તે માટેની અનુકૂળતા માટે આપણે શરણાગત ભાવે પ્રાર્થના કરવી જોઇએ. शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्। (સંપૂર્ણ)

સવારે ઊઠી તમારા દિવસનો પ્રારંભ, અને રાતનું શયન–પ્રભુના નામસ્મરણથી જ કરો. તો પ્રભુ તમારા આખા દિવસનો ભાર ઉઠાવશે ને રાતની નિદ્રા પણ સારી આપશે. થોડા દિવસ કરી તો જુઓ.

**શ્રી યોગેશ્વરજી**

પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS: 10001

ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
**"સત્યવાન" તથા "ચંદન"**
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# સદ્‌ભાવભરી સહાય

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી અધ્યાત્મને પ્રાપ્ત થતી ભેટ કે સહાય નાના સ્રોતોને બદલે, કદીક ધોધ સ્વરૂપે પ્રાપ્ત થઇ જાય છે, ત્યારે આ મહાન સંતોની અપાર શક્તિનો પાર આ અબુધ જીવ કેમ પામી શકે? શ્રી રામાયણ પારાયણ તેમ જ પ. પૂ. માના જન્મદિનના પ્રસંગોએ 'અધ્યાત્મને' માટે આવી સહાયનો ધોધ જ વહ્યો, જેની વિગત નીચે મુજબ છેઃ–

રૂા.

૨૫૧ શ્રી વામનભાઇ કાલીદાસ ભક્ત, કપૂરા–પૂ. માના જન્મ-દિનના ઉપલક્ષ્યમાં.
૪૦૦ શ્રી ધીરજભાઇ મોઘરિયા, ધાંગધ્રા.
૧૦૦ શ્રી અશોકકુમાર કાલીદાસ ઇજનેર, ભરૂચ–તેઓનાં મા–પ્રભુનાં ભક્ત એવાં ભાભીશ્રી સરસ્વતી અશ્વિનકુમાર ઇજનેરનો સ્વર્ગવાસ થતાં આત્માની શાન્તિ નિમિત્તે.
૨૫ શ્રી મુકુન્દ નટવરલાલ સોરઠિયા, સુરત.
૨૫ શ્રી રીટા મુકુન્દ સોરઠિયાના જન્મદિન નિમિત્તે, સુરત.
૩૧ શ્રી ચારૂબેન પી. પંડયા, દહીંસર–જન્મદિન નિમિત્તે.
૧૫૧ શ્રી અશોકભાઇ પટેલ, સુરત–કોર્ટમાં કેસ જીતી જતાં.
૧૧ શ્રી જસુબેન રંગીલદાસ સોરઠિયા.
૨૫ શ્રી વિમળાબેન ઉપાધ્યાય, ભાવનગર.
૨૧ શ્રી સરોજબેન પ્રતાપભાઇ ત્રિવેદી, ભાવનગર.



૨૧ શ્રી કીર્તિબેન ઉપેન્દ્રભાઇ ઝિંઝુવાડિયા, ભાવનગર–જન્મદિન નિમિત્તે.
૭૫૧ શ્રી સાધકો તરફથી ભેટના
૧૦૧ શ્રી ચંપકભાઇ સી. શાહ.
૧૧ શ્રી એક સાધક બેન તરફથી–સુરત.
૨૧ શ્રી સુરેખાબેન ભાવસાર, સુરત–ભત્રીજી મનીષાના લગ્ન નિમિત્તે.
૨૨૫ શ્રી દમયંતીબેન ધનસુખભાઇ ભક્ત.
૨૫ શ્રી અનુસૂયાબેન ભટ્ટ, વડોદરા.
૧૦૧ શ્રી હંસાબેન ત્રિભુવનભાઇ પટેલ, વડોદરા–દીકરી કૃતિકાના લગ્નને એક વર્ષ થતાં.
૧૧ શ્રી એક સાધક બેન તરફથી.
૨૧ શ્રી મયૂરી મોહનલાલ ટેલર, વડોદરા–એમ. કોમ. માં પાસ થતાં.
૨૧ શ્રી મુકેશ બી. કણિયા સુરત–નવું સ્કૂટર ખરીદતાં.
૧૦૧ શ્રી એક સાધક તરફથી નવા ધંધાની શરૂઆત કરતાં.
૫૧ કુ. પારૂલ હરિશ્ચંદ્ર જાની, મુંબઇ–એમ. કોમ. માં પાસ થતાં.
૨૧ શ્રી જ્યોતિ બી. કાણકિયા, સુરત.
૧૦ શ્રી ભૂપેન્દ્ર બી. સુરતિયા, ભરૂચ–માનેલા સંકલ્પની પૂર્તિ કરવા.
૫૦૧ શ્રી લલ્લુભાઇ મથુરભાઇ ભક્ત, મેમ્ફીસ (અમેરિકા)–પુત્ર ભદ્રેશના લગ્ન નિમિત્તે.
૫૦૧ શ્રી લલ્લુભાઇ મ. ભક્ત, અમેરિકા–અસૌ. શાન્તાબેનનું ઓપરેશન સફળ થતાં.

૫૦૦ શ્રી પ્રેમીલાબેન ધીરજલાલ ભક્ત, અમેરિકા–માતુશ્રી દેવી-બેનના સ્મરણાર્થે.
૨૨૦ શ્રી પ્રેમીલાબેન ભક્ત તરફથી ભેટ.
૧૦૧ શ્રી ગિરીશભાઈ ગિરધરલાલ શાહ, વડોદરા.
૫૧ શ્રી છોટુભાઈ નાથુભાઈ પટેલ, સુરત.
૧૦૧ શ્રી કાન્તિભાઈ ભીમજીભાઈ પરીખ, વડોદરા.
૧૦૧ શ્રી કમળાબેન ભરતભાઈ ભક્ત, વાવ.
૧૦૧ શ્રી ભારતીબેન રામજીભાઈ ભક્ત, વાવ.
૧૦૧ શ્રી સીતારામભાઈ રામભાઈ ભક્ત, પનામા.
૧૧૧ શ્રી દેવીબેન સીતારામભાઈ ભક્ત, પનામા.
૫૧ શ્રી પન્નાબેન દીનેશભાઈ શાહ.
૧૧૧ શ્રી જસવંતલાલ પરીખ, ડાકોર.
૫૧ ડૉ. શ્રી ઠાકોરલાલ એમ. શાહ–વડોદરા.
૫૧ ડૉ. શ્રી અમૃતલાલ એમ. જોષી–વડોદરા.
૧૫ શ્રી હરેશભાઈ રજનીકાન્ત છાયા, વડોદરા.
૧૧ શ્રી એમ. વી. રામાનુજ, મોરબી.
૧૦૨ શ્રી સુશીલાબેન જયંતીલાલ ગજ્જર, સુરત.
૧૦૧ શ્રી માલીબેન પ્રભુભાઈ દેસાઈ, સુરત.
૫૦૧ શ્રી પ્રભાવતી જી. પટેલ, સુરત.
૨૧ શ્રી બળદેવભાઈ જીવણભાઈ પટેલ, પલાસર.
૨૫ શ્રી નટવરભાઈ બી. પટેલ, માસમા–સ્વ. રતનમાસીની પુણ્ય-તિથિ નિમિત્તે.
૫૧ શ્રી કુસુમબેન જીણાભાઈ પટેલ, ભત્રીજાના જન્મદિન નિમિત્તે.



૫૦૧ શ્રી પુષ્પાબેન ભગવતીભાઈ પટેલ, માસમા–ચોરાયેલ સ્કૂટર પાછું મળતાં.
૧૦૧ શ્રી રમાબેન મગનલાલ કોન્ટ્રેક્ટર, વડોદરા–તરફથી રામા-યણના પારાયણ નિમિત્તે.
૧૧૧ શ્રી શારદાબેન રતિલાલ શાહ, અમેરિકા–પુત્રીને ત્યાં પુત્રનો જન્મ થતાં.
૨૧ શ્રી ચંદ્રકાન્તભાઈ પંડયા, રાજકોટ.
૫૧ શ્રી હરસુખભાઈ ગંગારામ પંડયા, રાજકોટ–તરફથી પુત્ર હીતેશ અને પુત્રી ધર્મિષ્ઠાના જન્મદિન નિમિત્તે.
૧૧ શ્રી જયેશ ભોજાણી, મોરબી.
૧૧ શ્રી દીપ ભોજાણી, મોરબી.
૧૦૦ શ્રી ઈશ્વરભાઈ કેડિયા, વડોદરા.
૨૫ શ્રી મગનલાલ ઓધવજી તન્ના, વડોદરા.
૧૪૦ શ્રી ધીરજભાઈ મોધરિયા, ધાંગધ્રા.

સહુને અભિનંદન.

* * *

## પનામાની બહેનો તરફથી અધ્યાત્મને સુંદર સહાય

પનામા અમેરિકાની દક્ષિણે આવેલો દેશ છે. સામાન્ય રીતે અમેરિકા જતા સાધુસંતો કે કથાકારો પનામા જતા નથી. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી પનામા જનારાં પહેલાં સંત છે. ત્યાં વસતા ભાવિક ભારતીયોએ પૂ. માનું ખૂબ ભાવભક્તિપૂર્વક સન્માન કર્યું એટલું જ નહિ, પરંતુ તેઓની સાધના નીહાળી–જીવનશુદ્ધિ માટે પ્રેરણા પણ પામ્યા. ત્યાંની બહેનોએ શ્રી ગુલાબબેન અને વસંતભાઈ દ્વારા પ્રેરણા પામીને અધ્યાત્મને જે સહાયની રકમ મોકલાવી છે, તેની વિગત

નીચે પ્રમાણે છેઃ—

૮૪૫ શ્રી ગુલાબબેન વસંતભાઇ ભક્ત.
૧૯૨ શ્રી અમેરિકાબેન ઠાકોરભાઇ પટેલ.
૪૫૪ શ્રી દેવીબેન સીતારામભાઇ ભક્ત.
૮૭ શ્રી રમીલાબેન વાસુદેવભાઇ ભક્ત.
૮૭ શ્રી સરલાબેન સન્મુખભાઇ ભક્ત.
૮૭ શ્રી જાગૃતિબેન નીલકેશભાઇ ભક્ત.
૮૭ શ્રી મૃદુલાબેન ભૂલાભાઇ ભક્ત.
૧૯૨ શ્રી રમીલાબેન નટવરભાઇ ભક્ત.
૮૭ શ્રી પાર્વતીબેન રમણભાઇ પટેલ.
૪૩૭ શ્રી મંજુબેન રમેશભાઇ ભક્ત.
૧૯૨ શ્રી આશાબેન નટવરભાઇ ભક્ત.
૮૭ શ્રી મટુબેન કલ્યાણભાઇ પટેલ.
૮૭ શ્રી જસુબેન અરવિંદભાઇ પટેલ.
૫૪૨ શ્રી ભારતીબેન મહેન્દ્રભાઇ પટેલ.
૮૭ શ્રી સવિતાબેન ગોરધનભાઇ ભક્ત.
૩૫ શ્રી કાન્તાબેન ચંપકભાઇ પટેલ.
૮૭ શ્રી મીનાક્ષીબેન અમૃતભાઇ ભક્ત.
૧૯૨ શ્રી શકુન્તલાબેન ઈશ્વરભાઇ પટેલ.
૩૫ શ્રી અરુણાબેન કિશોરભાઇ ભક્ત.
૪૩૭ શ્રી સવિતાબેન વલ્લભભાઇ ભક્ત.
૧૯૨ શ્રી ગીતાબેન અનિલભાઇ ભક્ત.
૧૯૨ શ્રી રમીલાબેન ઈશ્વરભાઇ ભક્ત.
૮૭ શ્રી ઊર્મિલાબેન નટવરભાઇ ભક્ત.



૮૭ શ્રી ઈન્દુબેન સુરેશભાઇ ભક્ત.
૧૭૫ શ્રી ધનીબેન વિઠ્ઠલભાઇ પટેલ.
૮૭ શ્રી પ્રવીણાબેન સુરેશભાઇ ભક્ત.
૪૩૭ શ્રી ગોવિંદભાઇ તુલસીભાઇ ભક્તના સ્મરણાર્થે હા. રમીલાબેન.
૧૯૨ શ્રી ગુલાબબેન રણછોડભાઇ ભક્ત.
૨૬૨ શ્રી શારદાબેન નારણભાઇ ભક્ત.
૭૮૭ શ્રી ભાનુબેન રમણભાઇ પટેલ.

આ સહુ બહેનોને અભિનંદન ઘટે છે.

## તમારી જાશે લાજ

હો રે શત શત દીપ પેટાવો આજ.
માના જન્મ દિવસે પ્રભુજી, ઝંકૃત કરી દોને સાજ! હો રે.
ગાયા વિણ પ્રભુ કોણ રહી શકે?
મન મૂકી સહુ નાચે!
અણુ અણુમાં જોબન પ્રકટયું, દિવાના થઇને રાચે,
તોયે ના સંચાર તમારો રે દિસે થયા શું નારાજ! હો રે.
દિલ હશે તો જરૂર પ્રગટશો, નીરખી માની લગની,
જલી રહ્યો જેને રોમે–રોમમાં, વિરહનો નિત અગ્નિ!
પાષાણો પણ પીગળે પ્રભુજી, હવે તમારી જાશે લાજ. હો રે.

[પૂ. માના જન્મદિન સમારોહમાં રજૂ કરાયેલ દીવડાઓ સાથેના ગીતના સંગીતમય શબ્દો. ]

**પરમાર્થી (ઈશ્વરભાઇ ભક્ત)**

# શુભેચ્છા સંદેશા

[પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના ૪૭ મા જન્મદિન પ્રસંગે વિદેશોથી આવેલા સંદેશા. આ વર્ષે કેનેડા અને અમેરિકાનાં ઘણાં નાનાં બાળકોએ પૂ. માના જન્મદિવસે મ્યુઝિકલ કાર્ડ, તો કોઇએ હાથે દોરેલાં, કોતરેલાં ચિત્રો મોકલી, પૂ. મા પ્રત્યેના પ્રેમની અદ્દ્ભુત લાગણી વ્યક્ત કરી છે. તે અહીં ટૂંકમાં રજૂ કરેલ સંદેશાઓમાં પ્રતિબિંબિત થાય છે. –તંત્રી]

* શ્રી રતિભાઇ મિસ્ત્રી, રગ્બી ઇંગ્લેન્ડ.
* શ્રી નરેન્દ્રભાઇ ટોરન્ટો, કેનેડા.
* શ્રી શકુન્તલાબેન પટેલ, શ્રી ભારતીબેન પટેલ અને શ્રી દેવીબેન ભક્ત, ત્રણે પનામા.
* શ્રી મનોજ તથા ભદ્રેશ ભક્ત, મેમ્ફીસ.
* શ્રી ઇન્દુબેન, શ્રી ગોવિંદભાઇ અને શ્રી દેવ ત્રણે ફ્રેર્થસ્મીથ.
* શ્રી મનુભાઇ ટોરન્ટો, કેનેડા.
* શ્રી હર્ષદ તલાટી અને બાળકો, ટોરન્ટો (કેનેડા)

  પરમહંસદેવ શ્રી રામકૃષ્ણના સરસ સ્વરૂપવાળું સુંદર કાર્ડ તૈયાર કરી પ્રાર્થના કરી છે કે જન્મોજન્મ સ્થૂળ સ્વરૂપે પ્રભુનો સાથ અમને મળતો રહે.
* શ્રી આશીષ ભક્ત, (૧૦ વર્ષ) લીટલ રોક, અમેરિકા.

  એણે પોતાના હાથે પ. પૂ. મહાત્માજી શ્રી યોગેશ્વરજીનો સુંદર પેન્સીલ સ્કેચ મોકલ્યો છે.
* શ્રી નીરવ ભક્ત (ઉ. ૬ વર્ષ) લીટલ રોક, અમેરિકા.



પ. પૂ. યોગેશ્વરજી માઇક ઉપર પ્રવચન કરતા હોય તેવું કાલ્પનિક ચિત્ર પૂ. માને મોકલ્યું છે.

* શ્રી પ્રેરણા વિનોદભાઇ પટેલ (ઉ. ૭ વર્ષ) ન્યુજર્સી.

  પૂ. માના જન્મદિને ગુજરાતીમાં "મા" શબ્દ લખી, સુંદર રંગોળી સાથનું ચિત્ર ભેટ મોકલ્યું છે.
* શ્રી નીલેશ, પરેશ, કલ્પેશ (ટોરન્ટો) કેનેડા.

  પૂ. માના સ્વરૂપ સાથેનો મોટો સુંદર કાર્ડ. એક મોટા ૐ ની વચ્ચે પૂ. માનું સ્વરૂપ ને આખો ૐ 'મા' શબ્દથી ભરેલો મોકલ્યો છે.
* શ્રી કંચનબેન મનહરભાઇ, લોસ એન્જેલ, અમેરિકા.

  હે મા, આપ પાસેથી જે જે માગ્યું તે મળ્યું છે. હવે મોહમાયામાં ન અટવાઇએ અને અમને પરિવાર સહિત તારજો એ પ્રાર્થના છે.
* શ્રી અંબુભાઇ, ઉમેશ, અનિલ, ટોરન્ટો (કેનેડા)

  હે મા ! આપ અમારી સંગમાં રહેજો ને સર્વ પ્રકારે રક્ષા કરજો.
* ગીતા લાડ, ટોરન્ટો (કેનેડા)

  પૂ. માને પ્રભુ, જુગ જુગ લાંબુ આયુષ્ય આપજો. પૂ. માનું વ્રત પૂરું થાય ત્યારે તેમને સાચા સ્વરૂપે ઓળખીએ એવી દૃષ્ટિ પ્રભુ આપજો.
* શ્રી પ્રભુભાઇ અને રૂક્ષ્મણિબેન પ્રજાપતિ, કેનેડા.

  હે મા, આપની હાજરી વિના અમારી સ્થિતિ ગાય વિનાના વાછરડા જેવી છે; તો જલ્દી પધારી દર્શન આપજો. આપના વિના બધું ફીક્કુ લાગે છે.
* શ્રી કલ્પુબેન, શ્રી દિવ્યેશભાઇ બેંગ્લોર.

  હે પ્રભુ, પૂ. માને હવે ક્યાં સુધી તપાવશો? હવે તો એમનામાં પ્રત્યક્ષ થઇ પ્રગટી જાઓ.

* શ્રી વિશ્વનાથ મૂ. જાની, મુંબઇ.

હે પ્રભુ, પૂ. માને ખૂબ ખૂબ લાંબુ આયુષ્ય આપો ને લાખ્ખો લોકોને સુખ શાન્તિ આપવાનું કામ તેમના હસ્તે થાઓ.

* શ્રી ભાઇલાલભાઇ છાટબાર, ભાવનગર.

જન્મદિનની શુભ કામનાઓ.

* શ્રી દશરથ શાહ, ટોરન્ટો, કેનેડા.

અર્ધ્ય અને અંજલિની ગીતગંગામાં સ્નાન કરાવનાર પૂ. મા સદા અમારી વચ્ચે વસો, એવી પ્રભુ યોગેશ્વરને પ્રાર્થના છે.

* શ્રી બટુક પ્રેમલ અને હેતલ (ઉ. ૧૦ વર્ષ) ટોરન્ટો, કેનેડા.

સુંદર દીવડા સાથેના કાર્ડમાં સંદેશો છે હે મા, તમે પાછાં કેનેડા ક્યારે આવશો ?

* શ્રી ભારવી–મનીષા પટેલ, નોર્થબર્ગન. (ઉ. ૧૩ અને ૧૦)

હે મા, તમે જલ્દી જલ્દી પાછાં આવજો. અમે તમને ખૂબ ખૂબ યાદ કરીએ છીએ–અમારા ઘરે જ આવજો.

* શ્રી વૈશાલી પટેલ (ઉ. વર્ષ ૬) ટોરન્ટો, કેનેડા.

હે મા, તમારા જન્મદિને હું પ્રભુને પ્રાર્થના કરીશ કે માને જલ્દી કેનેડા મોકલજો.

* Keyur Shah canada.

Maa, you have a wonderful day. I hope you come back soon, beeause I miss you.

* શ્રી દિનકર જાની, અમેરિકા.

જે માની શોધમાં હું વડોદરાથી અંબાજીની પદપાળા યાત્રાએ જતો, તે મા ભારતમાં ન મળી, પણ છેક અમેરિકામાં મળી. તો હે મા! હવે મને દૂર ના રાખશો. આપના ચરણોમાં સ્થાન આપજો.



* Sandip Patel (૨૧ years) Toranto, Canada.

O Maa! you have worked miracles for me and my family. I did not think it would have ever happened. Next year I shall come to India to bring you back to Canada.

* Yogesh Lad, (૧૨ years) Canada.

My sweet Maa. I was peeased to receive a photo sent by you from New york. Everyday I read yogamrut. I really miss you. Looking forward to picking you up from India when you come back we shall go to FLORIDA.

* છોટે રમેશ (ઉ. વર્ષ ૮) ટોરન્ટો, કેનેડા.

હું દરરોજ સવારે યોગામૃત વાંચું છું ને સ્તવનમાળા કરું છું સત્સંગમાં નિયમિત જાઉં છું ને ધૂન બોલાવું છું ગુજરાતી શીખવા પણ જાઉં છું. હું ખૂબ સારી રીતે ભણું ને પ્રભુનો ભક્ત બનું એવા આશીર્વાદ આપો.

* શ્રી પી. કે શાહ ને ગીતા, કેનેડા.

પૂ. માના સાન્નિધ્યની મજા કંઇ ઓર જ હોય છે. પૂ. ગુરુદેવ અને પૂ. માએ અમારા જીવનના રંગ અને ઢંગ બદલાવી નાંખ્યા છે. શ્રી યોગેશ્વર ભગવાન અમને પૂ. માનો જન્મદિન દરવર્ષે ઉજવવાની શક્તિ આપે.

* શ્રી શારદાબેન, રતિભાઇ, અતુલ, પ્રીતિ, હિતેશ, પલ્લવી, અમેરિકા.

લોકોને આત્મોન્નતિના પંથે દોરવાની આપને વધુ ને વધુ શક્તિ આપે એજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના. પરદેશમાં વસતા ભારતીય જનોને આપના જ્ઞાનરૂપી સત્સંગનો લાભ ભવિષ્યમાં આપતાં રહેજો–એ વિનંતી.

* શ્રી છગનભાઇ ભુલાભાઇ ભક્ત, લોસ એન્જેલેસ, અમેરિકા. (અમેરિકાના ભક્ત સમાજના પ્રમુખ)

જન્મદિનની શુભેચ્છાઓ–હસ્તાક્ષરો દ્વારા પણ આપણું મિલન થતું રહે એવું ઇચ્છું છું. લોસ એન્જેલેસમાં આપનો જન્મદિન ઉજવેલો તે હંમેશ માટે યાદ રહી જશે. ૧૦૦ વ્યક્તિઓ ૧૦૦ કલાક આપના સત્સંગમાં ભેગા થાય તો ૧૦,૦૦૦ કલાકની સમૂહ ભક્તિ થઇ. તો એક વર્ષમાં એ કેટલી બધી થાય? સહુને રામ કબીર.

* મહાત્મા શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ટોરન્ટો, કેનેડા.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ શરુ કરેલું માનવોને સાચા અર્થમાં માનવ બનાવી પ્રભુ પંથે વાળવાનું યુગકાર્ય આપ કરી રહ્યાં છો તેમાં આપ સફળ થાઓ ને આપની ઉપવાસોની તપશ્ચર્યા પ્રભુ જલ્દી પૂર્ણ કરે–નાનાં બાળકો ને યુવાનોને વ્યસનમુક્ત કરી જીવનશુદ્ધિનું આપનું કાર્ય સાચી સમાજસેવા છે. આપ જલ્દી કેનેડા પધારો. સુરેશભાઇ શાહ અને સાધકો.

### હોમાત્મક નવચંડીનો લાભ

પૂ. મા શ્રી સર્વેશ્વરી ભક્તોની ભાવનાને અદ્‌ભુત રીતે પરિપૂર્ણ કરે છે. શ્રી ભારતીબેન લીટલરોક (અમેરિકા)થી આવ્યાં છે. તેમની ઇચ્છા હોમાત્મક નવચંડી કરાવવાની. વડોદરામાં રામાયણનું પારાયણ એક દિવસ વહેલું પૂરું થયું તો પૂ. માએ તા. ૧૨ નવેમ્બરે હોમાત્મક નવચંડીનો કાર્યક્રમ ગોઠવી શ્રી ભારતીબેનની વર્ષોની એ ભાવના પૂર્ણ કરી.

આ હોમાત્મક નવચંડીમાં મુખ્ય યજમાન તરીકે ભારતીબેન, શ્રી મોહનલાલ અને સુશીલાબેન ઉપરાંત વિદેશનાં અને ભારતનાં બીજાં ચૌદ જેટલાં વૃદ્ધ અને યુવાન યુગલોને સમૂહ પૂજાનો લાભ પણ પૂ. માએ અપાવી ધન્ય કર્યાં. શ્રી વિજયભાઇ પંડિત અને



એમના પિતાશ્રીની દોરવણી નીચે શાસ્ત્રોક્ત ષોડશોપચારવિધિથી પૂ. મા–પ્રભુનું તેમ જ મા દુર્ગાનું પૂજન ભાવપૂર્વક કરાવવામાં આવ્યું. સહુ સાધકોને મિષ્ટભોજનથી ને બ્રાહ્મણોને સારી દક્ષિણાથી મુખ્ય યજમાન અને પૂ. માએ પરિતૃપ્ત કર્યાં.

### નર્મદાસ્નાનનો લાભ

સંતો ને મહાત્માઓ તીર્થોનો મહિમા પોતાની રીતે વધારી, લોકોની પરંપરાગત શ્રદ્ધાને દૃઢ કરતા રહે છે. રામાયણ પારાયણ વડોદરામાં પૂરી થઇ તે પછી વિદેશથી આવેલ સાધકોને પૂ. માએ ગંગાને બદલે નર્મદાસ્નાનનો લાભ પણ અપાવ્યો. એ અદ્‌ભુત પ્રસંગનું વિગતે વર્ણન જાન્યુ. ૯૧ ના અંકમાં રજૂ કરીશું.

પૂ. માનું સાન્નિધ્ય એટલે સતત સંકીર્તન, ભજન ને સંસાર ભુલાવે એવો જ્ઞાનમય સત્સંગ.

તંત્રી

## ખાસ નોંધ

આ અંકમાં રામાયણ પારાયણ અને જન્મોત્સવના ખાસ લેખોનો સમાવેશ કરતાં "રામાયણમાં કુટુંબલક્ષી કર્મવાદ" તેમજ "રામાયણની સળંગ કથા"નો હમો સમાવી શકાયો નથી, તો વાંચકો ક્ષમા કરે. આવતા અંકમાં તે લેશું.

તંત્રી

# ભક્ત-વાત્સલ્યમૂર્તિ શ્રી શ્રી મા શારદા

લેખક : સ્વામી ગંભીરાનંદ
રજૂઆત : ઝિંઝુવાડિયા કનૈયાલાલ એમ.

[જ્યારે જ્યારે હું મા શારદામણિદેવીનું જીવનવૃત્તાંત વાંચું છું ત્યારે હંમેશાં મને હૃદયમાં એવો જ ભાવ થાય છે કે હું આ મા શારદાનું ચરિત્ર વાંચું છું કે મા સર્વેશ્વરીનું વાંચી રહ્યો છું! જો કે દરેક જીવ પૂર્વ જીવનના સંસ્કારો લઈને જ પુનર્જન્મ પામતો હોય છે ને?

ભક્તો ઉપર મા શારદાનો વરસતો પ્રેમ, તેમની કરુણા ભક્તોનાં દુઃખથી ગ્લાનિ અનુભવતું તેમનું કોમળ હૃદય વગેરે સર્વ ગુણો પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં આપણને અનુભવવા મળે છે. જય મા શારદા, જય મા સર્વેશ્વરી.]

* * *

નીચે આપેલ પ્રસંગો પરથી આપણે સ્પષ્ટ સમજી શકીએ છીએ કે મા શારદાદેવીએ શ્રીરામકૃષ્ણને સર્વ સમર્પણ કરેલ હોવા છતાં પોતે પોતાના સ્વતંત્ર વિચારને મક્કમતાપૂર્વક વળગી રહેતાં. ભક્તો ઉપર તેમના પ્રેમનો ધોધ એવો પ્રચંડ વહેતો કે શ્રીરામકૃષ્ણ દેવનો વિરોધ પણ એ પ્રેમ-પ્રવાહમાં ધોવાઈ જતો. (આ સમયે મા નોબતખાનાની ખૂબ જ નાની ઓરડીમાં રહેતાં)

* * *

(૧)

માતાજી લજ્જાળુ હતાં. તેઓ સંપૂર્ણ રીતે ઠાકુરની ઈચ્છાને



અનુસરતાં. તોપણ એક વિષયમાં એમણે પોતાની સ્વતંત્રતા પૂરેપૂરી જાળવી રાખેલ. તે હતો તેમનો માતૃત્વનો અધિકાર. માતાજીના સંગાથીઓ ત્યારે ખૂબ થોડા હતા. માછીમારોની સ્ત્રીઓ કોઈક વાર આવતી. એક કામવાળી પણ એમની સાથે થોડા દિવસ હતી અને કલકત્તાથી કોઈ કોઈ સ્ત્રીઓ મળવા આવતી.

બહુ ભક્તોની અવરજવર જ્યારે શરુ નહોતી થઈ ત્યારે એક ડોશીમા માતાજી પાસે આવતી જતી. જુવાનીમાં એણે ઘણાં પાપકર્મો કરેલાં, પણ હવે ઉંમર થયે એ હરિનામ લેતી ને એકલી માતાજી પાસે આવતી. માતાજી એની સાથે વાતો કરતાં, તે જોઈને એક દિવસ ઠાકુરે કહ્યું : "પેલી સ્ત્રી અહીં શા માટે આવે છે?" માતાજીએ કહ્યું, "હવે એ તો સારી વાતો કરે છે, ઈશ્વરની વાતો. એમાં શો દોષ?" માતાજી જાણતાં હતાં કે માણસનો મનોભાવ હંમેશાં એક સરખો નથી રહેતો. ખરાબ માણસ પણ ક્રમે ક્રમે સારો થઈ શકે છે.

ઠાકુરને એમ થતું કે જેવા તેવા લોકો આવીને બૂરી વાતો કરી શકે. માતાજીને એથી દૂર રાખવાં જોઈએ. વળી આવા લોકો સાથે વાતચીત કરવી એ ત્યાં આવતા માણસોની નજરે ખરાબ લાગશે. તેથી તેઓ બોલ્યા. "છિઃ છિઃ એ તો વેશ્યા! એની સાથે વાતો કરવી! રામ! રામ!"

માતાજી ઠાકુરની ચેતવણીનો અર્થ સારી રીતે સમજી શક્યાં પરંતુ તેમના ઉદાર વત્સલ હૃદયમાં એમ વિચાર થતો કે એનો ભૂતકાળ ગમે તેવો હોય, હાલ એ સ્ત્રી ધર્મના માર્ગે જ ચાલે છે અને એ માતાજીને પોતાની મા તરીકે માનીને જ એમની પાસે આવ-જા કરે છે તો પછી ફક્ત સામાજિક ઔચિત્યનો વિચાર કરીને, ભવિષ્યમાં હજારો પાપીઓના અને માર્ગ ભૂલેલાં લોકોના આશ્રય બનનારાં

માતાજી કેવી રીતે એનો તિરસ્કાર કરી શકે? ઠાકુરે વાંધો ઉઠાવ્યા પછી પણ એ લોકોની વાતચીત પહેલાંની માફક ચાલ્યા કરી અને છેવટે માતાજીનો મનોભાવ જાણી ઠાકુરે પણ એ વાત પડતી મૂકી.

( ૨ )

જ્યારે ઠાકુર પાસે ઘણા ભક્તો આવવા લાગ્યા ને એમને પુષ્કળ ફળ, મીઠાઇ વગેરે ધરવા લાગ્યા ત્યારે તેઓ બધું નોબતખાનામાં મોકલી આપતા. ઠાકુર માટે એમાંથી થોડુંક રાખી માતાજી બાકીનું ભક્તોમાં ને પાડોશનાં છોકરાઓમાં વહેંચી દેતાં. ઠાકુરની પાસે આવતા બાળભક્તો અને ખાસ કરીને સ્ત્રીભક્તો ત્યારે માતાજી પાસે પણ જતાં. વાત્સલ્યમૂર્તિ માતાજી તેઓનો આદર સત્કાર કરતાં ને કોઇને પણ કદી જમ્યાવિના જવા ન દેતાં. આ બાબતમાં તેમનો હાથ છૂટો હતો.

એક દિવસ આમ બધું આપી દેતાં જોઇને ગોપાલનાં મા બોલી ઊઠયાં. "અરે વહુ! મારા ગોપાલ (શ્રીરામકૃષ્ણ) માટે કંઇ ન રાખ્યું?" શરમથી માતાજી નીચું જોઇ રહ્યાં. ઠીક તે જ વખતે નવગોપાલનાં પત્ની એક ટોપલી ભરીને સંદેશ લઇ ઘોડાગાડીમાંથી ઊતર્યાં. એથી માંતાજીની મૂંઝવણ દૂર થઇ.

ઠાકુર માતાજીનો આ ઉદાર સ્વભાવ જાણતા હતા. તેથી એક દિવસ કોઇ કારણસર માતાજી એમના ઓરડામાં આવ્યાં ત્યારે સહજ રીતે કહેવા લાગ્યા. "આટલો છૂટો હાથ રાખશો તો કેવી રીતે પહોંચી વળશો?" એ સાંભળતાંવેંત કાંઇ પણ બોલ્યા વિના માતાજી નોબતખાના તરફ પાછાં ફર્યાં. એ જોઇ ઠાકુરે અસ્વસ્થ થતાં ભત્રીજા રામલાલને કહ્યું. "ઓ રામલાલ! જલદી જઇને તારી કાકીને શાંત કરી આવ. એ ગુસ્સો કરશે તો આનું (પોતાના શરીર તરફ આંગળી



ચીંધી) બધું જ કર્યુંકારવ્યું ધૂળમાં મળી જશે." માતાજીનો ઉદાર, વત્સલ સ્વભાવ ભગવાન શ્રી રામકૃષ્ણને પ્રિય હતો.

( ૩ )

આ છેલ્લું દૃષ્ટાંત એક બાજુ જેમ નિઃસ્વાર્થ સેવાના ચરમ આદર્શરૂપ છે, તેમ બીજી બાજુ પૂર્ણ વિકસિત માતૃસ્નેહની સૌરભથી ભરપૂર છે.

ઠાકુરના ઓરડામાં ત્યારે હંમેશાં ભક્તોની ભીડ રહેતી. આટલા લોકો સામે શરમાળ માતાજી કોઇ દિવસ આવી નહોતાં શકતાં. તેથી ઠાકુરને જમાડવા માતાજી ઓરડામાં આવી શકે એટલા માટે બધાને ઓરડામાંથી બહાર મોકલવામાં આવતા. માતાજી પીરસેલી થાળી લઇ ઠાકુરને જમાડવા આવતાં અને તેઓ જમી રહે ત્યારે પાછાં જતાં.

એક દિવસ માતાજી સમયસર થાળી લઇ ઠાકુરના ઓરડાનાં પગથિયાં ચઢતાં હતાં, ત્યારે અચાનક એક સ્ત્રીભક્તે આવીને, "આપો, મા, થાળી મને આપો." એમ કહી માતાજીના હાથમાંથી થાળી લઇને ઠાકુર સામે મૂકીને તરત ત્યાંથી ચાલી ગઇ. ઠાકુર આસન પર બેઠા ને માતાજી પણ પાસે બેઠાં. પરંતુ ઠાકુર એ થાળીને અડી ન શક્યા.

તેઓ માતાજી તરફ જોઇને બોલ્યા "આ તમે શું કર્યું? એના હાથમાં થાળી શા માટે આપી? એને ઓળખતાં નથી? એ તો અમુકની ભાભી, દિયરની સાથે રહે છે. એનું અડકેલું કેવી રીતે ખાઇ શકું?"

માતાજીએ જવાબ વાળ્યો. "બધું જાણું છું. આજે ખાઇ લો." તો પણ ઠાકુર થાળીને અડી ન શક્યા. માતાજીએ ખૂબ વિનંતી કરી તેથી છેવટે બોલ્યા. "વચન આપો કે હવે પછી કોઇ પણ દિવસ

કોઈના હાથમાં થાળી નહીં આપો." માતાજી હાથ જોડીને બોલ્યાં. "તે તો મારાથી નહીં બને, ઠાકુર! તમારું ભોજન હું પોતે જ લઈ આવીશ. પણ 'મા' કહીને મારી પાસેથી કોઈ માગી લે તો હું ના નહિ કહી શકું. ને તમે તો ફક્ત મારા પ્રભુ નથી, બધાના જ છો." આ શબ્દો સાંભળતાં પ્રસન્ન ચિત્તે ઠાકુર જમવા લાગ્યા.

### પૂ. શ્રીમાના પ્રાકટ્યદિને
### અમારી અભીપ્સા અને અભ્યર્થના

મા ભગવતી સર્વેશ્વરી! મહા દિવ્ય જ્યોતિ છે તમે,
જીવન તમારું છે ગહન! શું જાણીએ જીવો અમે?
સર્વભાવે શ્રેય કરવું — મા તમારી નેમ છે!
કથીરને 'કુંદન' બનાવે — દિવ્ય એવો પ્રેમ છે!
સમજાવિયો મર્મ જીવનનો, અમને, — તમે અંત સ્નેહથી,
એ લાભ લેવામાં 'શરણભક્તિ' સમું સાધન નથી.
માટે, મહામંગલ નિયમ, સર્વે હૃદયમાં ધારિયે!
પ્રિય પ્રભુને હોય તેવું — કર્મ ના વિસારિયે!
વાત્સલ્ય ભાવે અંક લઈને, આપશો મા સન્મતિ!
આપનો આધાર મળતાં, સરળ બનશે સંગતિ!
તો, શુભ–મંગલ ભાવ દિલમાં, સતત ઘૂંટાતો રહે!
ને, સદ્‌ગુરુ ચૈતન્ય સાથે, — તાર જોડાતો રહે!
'પ્રાકટ્ય દિન' ના પુણ્યમાં, અમ સર્વેનો નવજન્મ હો!
અમ નિત્યના વહેવારમાં, ક્ષણ ક્ષણ મહીં શુભ જન્મ હો!
મા ભગવતી સર્વેશ્વરી! વંદન હજારો વાર હો!
'સર્વમંગલ' — ધ્યેયનો જયકાર હો! જયકાર હો!

— રતિલાલ ભાવસાર

# મૃત્યુ આશીર્વાદરૂપ

મૃત્યુ તો માણસને માટે આશીર્વાદ બનીને આવે છે. સંસારમાં ડૂબેલા, ભાન ભૂલેલા ને મોહમય બનેલા માણસને તે સાવચેત કરે છે, ને શિક્ષા આપે છે કે હે માનવ! મને ભૂલતો નહિ. સંસારના રંગ જેમ આવનારા ને જનારા છે તેમ જીવન પણ આવનારું અને જનારું છે. જીવન ઘણું સુંદર છે પણ મારો સંબંધ તેની સાથે સદાને માટે જોડાયેલો જ છે તે પણ તું જાણી લેજે. પણ મારાથી ડરીશ નહિ. હું તો તારું મિત્ર છું. નવા જીવનનું દાન કરીને તારા પર ઉપકાર કરું છું.

સંસારમાં ના લપટાવવાનો તને બોધપાઠ આપું છું ને તારે અમર બનવું હોય, મારા પર વિજય મેળવી લેવો હોય તો તેની પણ તને યાદ આપું છું. તેનો ઉપાય પણ બતાવી દઉં છું. મને મારવાનો ને મારા પર શાસન કરવાનો ઉપાય, મારા ને સારા ય સંસાર પર જેનું શાસન ચાલે છે, ને આ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ ને વિનાશકતાનું જે **મૂળ** કારણ છે, તે પરમકૃપાળુ ને સર્વ શક્તિમાન્ **સ્વામી**નું શરણ **લઈ** લે. પરમાત્માની પ્રાપ્તિ **કરી** લે. **બીજો કોઈ** માર્ગ નથી. મારા પર વિજય મેળવવાની બીજી કોઈ કુંચી નથી.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# પ્રેમ અને મોહ

પ્રેમ કોઈ રીતે બંધનકારક થતો નથી. જે બાંધે છે તે પ્રેમ નથી, તે તો મોહ છે જે ગુલામની જેમ પરવશ કરી પોતાની સત્તા ચલાવે છે. પ્રેમ તો હંમેશાં મુક્તિદાતા છે. તે તો બંધનથી છોડાવનાર છે. ઈન્દ્રિય તૃપ્તિનો પ્રેમ એ પૂર્ણ પવિત્ર પ્રેમ નથી. તેને સુસંસ્કૃત કરી આત્માના સીધા વ્યવહારમાં માણસે આવવું જોઈએ. પ્રેમમાં પણ વિકારનું તત્ત્વ કોકવાર શરૂઆતમાં આવે છે, પરંતુ તેમાં ને મોહમાં મુખ્ય અંતર એ જ છે કે પ્રેમ મુખ્યત્વે ઈન્દ્રિયો, મન ને શરીરથી પર એવા કોઈ તત્ત્વના આકર્ષણરૂપે પ્રકટ થયેલી વસ્તુ છે, જ્યારે મોહ કેવળ શરીર ને ઈન્દ્રિયો પર જ રચાયેલી વૃત્તિ છે એટલે પ્રેમના મૂળ સ્વરૂપને ઓળખવાથી પણ ખૂબ લાભ થાય છે.

પ્રેમ એ ઈશ્વરનું સ્વરૂપ છે. એમ માનવામાં આવે તો પ્રેમ (ભલે સ્ત્રીનો, માતાનો કે કોઈનો પણ) કદી બંધનકારક થઈ શકતો નથી. દિવ્ય અનુભૂતિ દ્વારા પ્રકટ થતો પ્રેમ એ સારીયે સૃષ્ટિમાં અનેકાનેકરૂપે વ્યાપી રહેલ મા જગદંબાના પ્રેમનો એક પ્રવાહ છે, આવી દૃઢ અનુભૂતિ આગળ વિકાર સહેજ પણ ટકી શકતો નથી.

– મહાત્મા યોગેશ્વરજી

O

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.